સંતવાણી ગ્રંથાવલિ ૧૭

# મહર્ષિ દયાનંદ



# મહર્ષિ દયાનંદ

**(Maharshi Dayananda)**


સંકલન

ડૉ. દિલીપ વેદાલંકાર

એમ. એ., પીએચ. ડી.



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**નવ રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# મહર્ષિ દયાનંદ
## વ્યક્તિત્વ અને કૃતિત્વ

''મહર્ષિ દયાનંદ વિશે મારું મંતવ્ય એવું છે કે તે હિન્દના આધુનિક ઋષિઓમાં, સુધારકોમાં શ્રેષ્ઠ પુરુષોમાંના એક હતા. એમનું બ્રહ્મચર્ય, વિચારસ્વાતંત્ર્ય, સર્વ પ્રતિ પ્રેમ, કાર્યકુશળતા વગેરે ગુણો લોકોને મુગ્ધ કરતા હતા. એમના જીવનનો પ્રભાવ હિન્દુસ્તાન પર ઘણો જ ઊંડો પડ્યો છે. હું જેમ જેમ પ્રગતિ કરું છું તેમ તેમ મને મહર્ષિ દયાનંદનાં ચરણારવિંદ જણાય છે. બ્રિટિશ રાજ્ય સ્થાપિત થયા પછી જનતાની સાથે સીધો સંપર્ક સાધવાનો માર્ગ શોધવાનું શ્રેય સ્વામી દયાનંદ તથા તેમના આર્યસમાજને જ છે. મહર્ષિ દયાનંદ અને તેમના આર્યસમાજે પ્રજામાં નવું જીવન રેડ્યું છે. હિન્દુસ્તાનના અનેક સડાઓ દૂર કરવા અથાગ પ્રયત્ન કર્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ, કન્યાકેળવણી અને દલિતોદ્ધારથી ન ભૂલી શકાય તેવી રાષ્ટ્રની મહાન સેવા કરી છે. મને આર્યસમાજ ઘણો જ પ્રિય છે. મહર્ષિ દયાનંદના આ પવિત્ર દેશોપકારી કાર્યનું કદી પણ અપમાન થશે તો હું તેને મહાપાપ સમજીશ.

''વૈદિક સ્વાધ્યાય માટે તેમણે હિન્દુઓમાં ઉત્સાહ ઉત્પન્ન કર્યો. બીજાં કાર્યોની સાથે તેમણે અસ્પૃશ્યતાનો વિરોધ અત્યંત નિર્ભયતાપૂર્વક કર્યો છે.''

મહાત્મા ગાંધીજીનાં આ વચનોમાં મહર્ષિ દયાનંદના જીવનકાર્યની યથાર્થ ફલશ્રુતિ આલેખાઈ છે.

હકીકતમાં ૧૯મી શતાબ્દી એ ઇતિહાસનો ઘોર અંધકારમય

યુગ હતો. ભારતીય ભાગ્યાકાશ અવિદ્યા અને અજ્ઞાનનાં વાદળોથી આચ્છાદિત હતું. આ દેશમાં વિપ્લવનો ધુમાડો ધુમાઈ રહ્યો હતો. મોગલ સત્તા ત્યારે છેલ્લાં ડચકાં ખાતી હતી. સિંધિયા અને પેશવાનાં સિંહાસનો હચમચી ઊઠ્યાં હતાં. રાજપૂતોનું શૌર્ય, ખમીર અને ક્ષાત્રતેજ ઝાંખું પડી ગયું હતું. સર્વત્ર અંગ્રેજી સત્તાનો સિતારો ચમકી રહ્યો હતો. લૉર્ડ મૅકૉલે અંગ્રેજી સલ્તનતના જોરે ભારતીય સભ્યતા અને સંસ્કૃતિને નામશેષ કરવા કૃતસંકલ્પ બન્યા હતા. ''જો તમે કોઈ પણ દેશ અથવા જાતિને નિર્વીર્ય તથા તેજોહીન બનાવવા માગો તો તેના સાચા ઈતિહાસ-ભૂગોળને વિકૃત કરી નાખો – નષ્ટ કરી દો – તો તે દેશ કે જાતિ આપોઆપ મટી જશે.'' – આ સિદ્ધાંતને લક્ષ્ય બનાવી અંગ્રેજો આપણા પ્રાચીન સાહિત્યનો યોજનાપૂર્વક નાશ કરી રહ્યા હતા. સત્ય સનાતન વેદ ધર્મની સ્થિતિ તો પેલા લોટના દીવડા જેવી થઈ ચૂકી હતી, જેને ઘરમાં રાખો તો ઉંદર ખાઈ જાય અને બહાર મૂકો તો કાગડા ઉપાડી જાય.

પરદેશ જાઓ તો ધર્મભ્રષ્ટ, ઢેડ-ભંગીને અડકો તો ધર્મભ્રષ્ટ, મુસલમાનોના હાથનું ખાઈ લો તો જાતિભ્રષ્ટ – જેવી ઘોર, અજ્ઞાન અને અંધવિશ્વાસપૂર્ણ માન્યતાથી હિન્દુ જાતિ પીડિત હતી. મઠો અને મંદિરોમાં પંડા – પૂજારીઓનું સ્વચ્છંદ અને એકછત્ર રાજ્ય હતું. ધર્મસ્થાનોમાં ધર્મના નામે દેવદાસીઓ રાખી સેંકડો માસૂમ સુકન્યાઓનો ભોગ લેવાતો હતો. એક તરફ અશક્તિ અને નિરાધારતાનો લાભ લઈ રાજદ્વારી – ખ્રિસ્તી – ધર્મગુરુઓ હિન્દુ સમાજને ખ્રિસ્તી ધર્મમાં દીક્ષિત કરવા નિરંતર કાર્યરત હતા, તો બીજી બાજુ નિર્બળ હિન્દુ જાતિ મુસલમાનોની

શિકાર બની ચૂકી હતી. વિધવાઓનાં કરુણ ક્રંદન અને બાલવિવાહના દૂષણથી હિન્દુ સમાજ ત્રાહિત્રાહિ પોકારતો હતો. સ્ત્રીજાતિ અપમાનિત, પદદલિત અને પુરુષની એક દાસી માત્ર બની ગઈ હતી. કન્યાને જીવતી દાટી દેવામાં આવતી હતી. નારીને નરકનું દ્વાર ગણવામાં આવતી હતી. સ્ત્રી અને શૂદ્ર વેદ ભણવાના અધિકારથી તદ્દન વંચિત હતાં. હિન્દુ જાતિને ભ્રમજાળમાં ભોળવવા માટે એક બાજુ 'અલ્લોપનિષદ' રચાઈ હતી, તો બીજી બાજુ રોબેર્ટોડીનો બેલો નામના પોર્ટુગીઝ પાદરીએ મદુરાઈમાં એક કલ્પિત વેદ તૈયાર કરી દીધો હતો, જેમાં ઈસાઈ પ્રચાર દાખલ કર્યો હતો. સહસ્રો હિન્દુઓ ઈસાઈયતના દેખાતા તેજમાં અંજાઈને ખ્રિસ્તી બનીને 'સુધરી જવાનો' ગર્વ અનુભવતા હતા. વેદોને લોકો ભૂલી ગયા હતા. વેદોનું પઠનપાઠન બંધ થઈ ચૂક્યું હતું. વેદોનું સ્થાન મનુષ્યકૃત ગ્રંથોએ લીધું હતું. જાણે આપણો હજારો વર્ષથી ચાલતો આવેલો ભવ્ય આર્યસ્રોત પ્રાણહીન છે અને જે કંઈ છે તે પશ્ચિમથી આવેલા આ 'ગૌરાંગ દેવો'માં જ છે એવું ત્યારનું વાતાવરણ હતું.

એ નિષ્પ્રાણ થઈ જતા રાષ્ટ્રમાં કોઈ પ્રાણ ફૂંકનારો જોઈતો હતો. આવા ગાઢ અંધકારમાં એક એવી વિભૂતિની - પ્રતિભાસંપન્ન તેજસ્વી પુરુષની – આવશ્યકતા હતી જેનામાં ગૌતમ, કપિલ, કણાદ અને કુમારિલ ભટ્ટનું પાંડિત્ય હોય, જેનામાં હનુમાન અને ભીષ્મપિતાનું બ્રહ્મચર્ય હોય, જેનામાં મહર્ષિ પતંજલિ અને વ્યાસની આધ્યાત્મિકતા હોય, જે શંકરાચાર્ય જેવો યોગી હોય, જેનામાં ભીમ જેવું બળ હોય, જેનામાં મહાત્મા બુદ્ધનો અનુપમ ત્યાગ અને વૈરાગ્ય હોય,

જેનામાં મહાવીરનાં અહિંસા અને અપરિગ્રહ હોય, જેનામાં મર્યાદાપુરુષોત્તમ રામનું મર્યાદાપાલન હોય, જેનામાં યોગેશ્વર કૃષ્ણનું તેજ હોય, જેનામાં મહારાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજીનું શૌર્ય અને આત્મગૌરવ હોય – અને આવા જ સદ્‌ગુણોથી વિભૂષિત યુગપુરુષ મહર્ષિ દયાનંદનું ભારતભૂમિ પર આગમન થયું.

સ્વામી દયાનંદ રાષ્ટ્રત્વના પેગંબર હતા. એના આત્મામાં ઈશ્વર હતો, હૃદયમાં દયા હતી. આંખમાં દષ્ટિ હતી અને હાથમાં શક્તિ હતી. એ વડે તેણે પોતાની ધારી માનવમૂર્તિ કોરી કાઢી. સર્જનહારની સૃષ્ટિનો એ પ્રાણવાન દ્રષ્ટા હતો તથા કુશળ શિલ્પી હતો. તેનામાં અધ્યાત્મ હતું, જેને તેણે વ્યવહારમાં વણી લીધું હતું. આજે તે આધ્યાત્મિક વ્યવહારુ હતો.

આપણો એ આગવો રાષ્ટ્રવિધાયક છે. ગુજરાતે જગતને આપેલો એ મહાન જ્યોતિર્ધર છે. ભારતના અને સમગ્ર સંસારના સાંસ્કૃતિક ઈતિહાસમાં તેનું સ્થાન ઉજ્જવળ અને સનાતન છે. રાષ્ટ્રનું નવનિર્માણ કરવા માટે એ આપણી આર્યસંસ્કૃતિના આદિતમ મૂળ સુધી ગયો. તેણે જાળાંઝાંખરાં ખસેડી વેદરૂપી સૂર્યને સહસ્રકળામાં પ્રકાશિત કર્યો. યોગીરાજ શ્રીઅરવિંદના શબ્દોમાં – ''વેદના ભાષ્ય સંબંધી, મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, ગમે તે અંતિમ સંપૂર્ણ ભાષ્ય થાય; પરંતુ વેદમંત્રોના સર્વ પ્રથમ સાચા અર્થના શોધક તરીકે દયાનંદ આદરણીય અને માનનીય દષ્ટિથી જ જોવાશે. સૈકાજૂની ગેરસમજ અને જૂના અજ્ઞાનતાના અંધકારની ગોલમાલની વચમાં આચાર્ય દયાનંદની આંખે સત્ય જોયું અને પોતાની દષ્ટિને તે સત્યના મહત્ત્વ ઉપર કેન્દ્રિત કર્યું.

સમયે બીડેલાં દ્વારની કૂંચી એમણે શોધી અને બંધ ઝરણાંઓનાં મુખ ઉપર જે બંધન મુકાયાં હતાં તે તેમણે છોડ્યાં.... ઋષિ દયાનંદ ઈશ્વરની સૃષ્ટિના એક સેનાની, પ્રકાશના એક અપ્રતિમ સૈનિક, માનવસમાજ અને સંસ્થાઓના શિલ્પકાર, આત્માના પંથે પ્રાકૃતિક મુસીબતોનો સામનો કરનાર અને વિજય મેળવનાર હતા. એમનું આધ્યાત્મિક જીવન મારી દષ્ટિ સમક્ષ ખડું થાય છે. આધ્યાત્મિક જીવનની એમની પરિભાષા મને સમજાઈ છે. એમના આત્મામાં ઈશ્વરનો વાસ હતો, દષ્ટિમાં કલ્પના હતી અને એમના હાથમાં કલ્પનાને સાકાર કરવાની શક્તિ હતી.... અજ્ઞાનમૂલક ભાષ્ય અને શબ્દના ભ્રામક અર્થોથી જે પવિત્ર પુસ્તક 'વેદ' દૂષિત બની ગયું હતું અને જેને વિશે એટલે સુધી કહેવાતું કે એ તો જંગલી લોકોનું પુસ્તક છે – તેને યથાર્થ રીતે સમજવાનું કપરું કાર્ય સ્વામી દયાનંદે કર્યું હતું.''

વાસ્તવમાં હિંદુ ધર્મના શુદ્ધીકરણમાં દયાનંદનો અને તેના આર્યસમાજનો મોટો ફાળો છે. હિંદુ ધર્મનું 'આર્ય ધર્મ' એવું વિશુદ્ધ નામકરણ કરી તેમાં મમત્વ અને અભિમાન પ્રેરનાર આ સંન્યાસીની જીવનકથા અદ્ભુત રસથી ભરેલી છે.

સાચે જ સ્વદેશી અને સ્વરાજ્યનો પ્રથમ મંત્ર આપનાર હતા આર્ષદ્રષ્ટા સ્વામી દયાનંદ. સત્તાવનની ક્રાંતિની ચિનગારીઓ પણ સળગી નહોતી ત્યારે પરદેશી સુરાજ્યને બદલે 'સ્વરાજ્ય'ની મહત્તા એમણે ગાઈ હતી. લોકમાન્ય ટિળકે કહેલું કે, – ''ઋષિ દયાનંદ જાજ્વલ્યમાન નક્ષત્ર હતા. જેઓ ભારતીય આકાશ પર પોતાની અલૌકિક આભાથી ઝળક્યા અને તેમણે પ્રગાઢ નિદ્રામાં સૂતેલા ભારતને ઢંઢોળ્યો. તેઓ 'સ્વરાજ્ય'ના સર્વ પ્રથમ

સંદેશવાહક અને માનવતાના ઉપાસક હતા.''

સાચે જ મહર્ષિ દયાનંદે પ્રજાનું અધ:પતન નીરખી કુશળ ચિકિત્સકની નજરે એમણે પ્રજાની નાડ પારખી હતી. તેમણે ભારતીય સંસ્કૃતિની અસ્મિતાને પુનર્જીવન આપ્યું હતું. 'વેદ ધર્મ'ને એમણે પુનર્જીવિત કર્યો હતો. આ પુનર્જન્મની પ્રસૂતિવેદના એમને જેવીતેવી વેઠવી પડી નહોતી. એમણે અનેક અપમાનો વેઠ્યાં, સંકટો ખમ્યાં, અનેક વાર વિષપાન કર્યાં અને અનેક ગલીચ આક્ષેપો સહન કર્યા, પણ સત્યનો આગ્રહ ન છોડ્યો. 'સત્ય' તેમને પ્રાણથી પણ પ્રિય હતું. તેઓ સદૈવ નમ્રતાપૂર્વક અને દઢતાપૂર્વક તેમના શ્રોતાઓને એવં અનુયાયીઓને કહેતા ''દયાનંદની એકેએક આંગળીને મીણબત્તીની માફક સળગાવવામાં આવશે તોપણ દયાનંદ ફક્ત સત્ય અને નર્યું સત્ય જ કહેશે.''

દયાનંદજીએ પોતાનો કોઈ પંથ નથી ચલાવ્યો: કોઈ સંપ્રદાયના એ આચાર્ય નથી બન્યા. પોતાનાં વચનો પર શ્રદ્ધા રાખી મોક્ષ કે સ્વર્ગ અપાવવાનું કદી કહ્યું નથી. આમ, એમણે વિચારસ્વાતંત્ર્યની મહત્તા જીવનમાં આચરી બતાવી છે. એમનું તો એકમાત્ર મિશન હતું 'વેદ' અને 'વેદ ધર્મ', તથા સત્ય અર્થનો પ્રકાશ અને માનવજાતિનો ઉપકાર.

આવા દયાનંદજીનું પૂર્વાશ્રમનું નામ મૂળશંકર હતું. એ મૂળશંકર રત્નગર્ભા સૌરાષ્ટ્રમાં આવેલા જૂના મોરબી રાજ્યમાં મચ્છુ નદીના કાંઠે આવેલા ટંકારા ગામમાં વિ. સં. ૧૮૮૧ (ઈ. સ. ૧૮૨૪)માં જન્મ્યા હતા. એમના પિતાનું નામ કરસનજી ત્રવાડી હતું. તે ઉચ્ચ કુલીન ઔદિચ્ય બ્રાહ્મણ હતા.

તેમની પાસે જરજમીન ઠીક ઠીક હતાં અને રાજ્યના થાણેદાર હોવાથી તેમને ત્યાં સિપાઈસપરાં પણ રહેતાં હતાં. તેઓ ધાર્મિક વૃત્તિના શ્રદ્ધાવાન શિવમાર્ગી હતા. આવા પિતા અને પ્રેમમયી માતા અમૂબા(અમૃતબા)ની છાયામાં મૂળશંકરે પાંચ વર્ષની ઉંમરે એકડો ઘૂંટવા માંડ્યો. ત્યાર બાદ મૂળશંકરે શ્લોકો, મંત્રો અને પરંપરાગત સ્તોત્રો પણ મોઢે કરવા માંડ્યા. ત્રણચાર વર્ષમાં એમણે સારી પ્રગતિ કરી, અને આઠમે વર્ષે એમને યજ્ઞોપવીત સંસ્કાર આપવામાં આવ્યો. એમને ગાયત્રી મંત્રની દીક્ષા મળી. હવે કરસનજી પોતાના પુત્ર મૂળશંકરને પોતાની સાથે ફેરવવા લાગ્યા અને ધર્મશાસ્ત્ર તથા વ્યવહારની તાલીમ આપવા લાગ્યા. આમ, છ વર્ષ પસાર થઈ ગયાં અને ચૌદમે વર્ષે તો મૂળશંકરે આખી 'યજુર્વેદસંહિતા' મોઢે કરી લીધી. આ ઉપરાંત એમણે બીજા વેદોનાં અમુક પ્રકરણો જોઈ નાખ્યાં તેમ જ વ્યાકરણના પ્રાથમિક ગ્રંથો પણ ભણી લીધા.

આમ, એક બાજુ મૂળશંકર વિદ્યાભ્યાસમાં રત રહેતા, તો બીજી બાજુ પિતા એમને વ્રત-ઉપવાસમાં જોડવાનો સતત પ્રયત્ન કરતા હતા. માતા અમૂબા વારંવાર કહેતાં: ''મૂળશંકર બાળક છે. એનાથી આવાં વ્રતો અને ઉપવાસો પાળી શકાશે નહીં.'' પણ કરસનજી તેમના કુલાચાર પ્રમાણે મૂળશંકરને વ્રતોપવાસ માટે પ્રોત્સાહિત કરવા લાગ્યા. તેમણે વ્રતના માહાત્મ્યની રોચક વાતો કરવા માંડી. એટલે મૂળશંકરને એમાં રુચિ ઉત્પન્ન થઈ આવી. શિવરાત્રિનું મહાન વ્રત આવ્યું. સંવત ૧૮૯૪ના માહ માસની વદ ચૌદશે પિતાએ મૂળશંકર પાસે શિવરાત્રિનું વ્રત કરાવ્યું. ''આ વ્રત કરીશ, એટલે સાક્ષાત્

મહાદેવ તારા પર પ્રસન્ન થશે અને તારા સર્વ મનોરથો પૂરા કરશે.'' પિતાની આવી ખાતરીપૂર્વકની વાણી સાંભળીને ૧૪ વર્ષનો બાળક મૂળશંકર શ્રદ્ધાપૂર્વક વ્રત કરવા તૈયાર થયો.

દીપોથી ઝળહળતા, ઘંટાનાદથી ગુંજાયમાન, પીતાંબરધારી બ્રાહ્મણોથી અને ભક્તોથી પૂરિત ગામ બહાર આવેલા શિવમંદિરમાં મૂળશંકરે તે મહારાત્રિએ જાગરણ શરૂ કર્યું. પિતા ઊંઘી ગયા. બીજા ભક્તો ઘસઘસાટ ઘોરવા લાગ્યા, પણ મૂળશંકર તો જાગતા જ રહ્યા. ઊંઘનું જરાક પણ ઝોકું આવે તે અટકાવવા માટે વારંવાર આંખ પર પાણી છાંટતા રહેતા હતા. તેમની દૃષ્ટિ શિવલિંગ પર સ્થિર હતી. એવામાં ક્યાંકથી એક ઉંદર ધસી આવ્યો અને શિવલિંગ ઉપર ચડી ગયો. તે શિવને ધરાવાયેલા નૈવેદ્યને ખાવા માંડ્યો. એકદમ મૂળશંકરનું બુદ્ધિ ચૈતન્ય ચમકી ઊઠ્યું. ''અરે ! જે ત્રણે ભુવનોને આંખ ઉઘાડતાંની સાથે ભસ્મ કરી નાખે છે, જેના ડમરુના નાદે સકલ વિશ્વ તાંડવમાં ડોલે છે અને જેનાં પિનાક અને ત્રિશૂળ મહાન શસ્ત્રાસ્ત્રો છે, તે વિશ્વનાથ મહાદેવ – સંહારક શિવ શું તુચ્છ ઉંદરડાને પણ ખસેડી શકતા નથી? નક્કી આ મહાદેવ નથી, આ તો પથ્થરનો પિંડ માત્ર છે !'' એમનો એ વલોપાત વધારે ને વધારે ઉગ્ર બન્યો. એમણે પિતાને જગાડ્યા અને પૂછ્યું: ''આ મહાદેવ હોય ? આના ઉપર તો ઉંદરડા દોડાદોડ કરે છે. ને લીંડી-પેશાબ નાખે છે !'' પિતા આ સાંભળી ક્રોધે ભરાયા : ''નાસ્તિક ! આવી શંકા થાય નહીં.'' પણ પિતાના આ ખુલાસાથી મૂળશંકરને બિલકુલ સમાધાન મળ્યું નહીં. આમ વિવેકની સ્ફુરણા થઈ એટલે વ્રત-ઉપવાસનો આવેશ ઊતરી

ગયો, અને મૂળશંકરે ઘેર જવા પિતાની આજ્ઞા માગી. પિતાએ રજા તો આપી, પણ સાથે વ્રત ન તોડવાની તાકીદ કરી.

મૂળશંકરે ઘેર આવીને માતાને કહ્યું : ''બા ! મારે ખાવું છે, મારાથી રહેવાતું નથી.'' માતા બોલી : ''દીકરા ! એ તો હું જાણતી જ હતી. ચાલ, ખાઈ લે. પણ જોજે, તારા બાપુને આની ખબર પડવા દઈશ નહીં. નહીંતર તેઓ ગુસ્સે થશે.'' પણ પિતા એ વાતને જાણી ગયા. માતાએ અને પ્રેમાળ કાકાએ મૂળશંકરનો બચાવ કર્યો, પરંતુ પિતાનો રોષ ઊતર્યો નહીં. આખરે કાકાએ કહ્યું : ''એને અભ્યાસ કરવા દો. આમ ઉપવાસમાં નાખી શા માટે મૂંઝવણમાં મૂકો છો ?'' આ પ્રસંગથી મૂળશંકરની કાકા પ્રત્યે વધારે નિકટતા કેળવાઈ. હવે મૂળશંકર એક વિદ્વાન પાસે નિકટના ગામમાં નિઘંટુ, નિરુક્ત અને કર્મકાંડના ગ્રંથો ભણવા લાગ્યા.

જોકે શિવરાત્રિની ઘટના મૂળશંકરના દિલ અને દિમાગમાં એક મૌલિક પરિવર્તન પેદા કરવામાં નિમિત્ત બની. મૂર્તિપૂજા ઉપરથી તેની શ્રદ્ધા તે રાત્રિએ ડગી ગઈ હતી. તેવામાં તેની નાની બહેન કોગળિયામાં સપડાઈ ગઈ. ઉત્તમમાં ઉત્તમ દવા અને તનતોડ સેવાચાકરી કરી પણ તેને બચાવી ન શક્યાં. છેવટે તેનું મૃત્યુ થયું. આખા ઘરમાં રોકકળ થઈ રહી, પણ મૂળશંકર તો મરણ પામેલી બહેનના શબને જ જોઈ રહ્યો ! તેની આંખમાંથી ન એક આંસુનું ટીપું પડ્યું, ન તેના કંઠમાંથી એક હાય બહાર આવી, તે તો પથ્થરના પૂતળાની જેમ નિશ્ચેષ્ટ રહ્યો. સૌએ માન્યું કે આ તો જડ પથરો જ છે, પણ મૂળશંકરના હૃદયમાં ચાલી રહેલ મંથનને તો તે જ જાણતો હતો. તેનું મન મૃત્યુના આ પ્રસંગથી ખળભળી

ઊઠ્યું હતું. ''આજે મારી આ પ્રિય બહેન મરી ગઈ છે તેમ સૌ એક પછી એક કાળનો કોળિયો થશે.'' આ ખળભળાટે તેને રાતે ઊંઘ પણ આવવા દીધી નહીં, અને તેને અમર જીવનનો ઉપાય શોધવાની ચિંતા પેઠી. જન્મમરણના ચક્રમાંથી મુક્તિ મેળવવા માટે શું કરવું અને કોના પર ભરોસો મૂકવો તે માટે તેને ફરી ફરીને વિચારો આવવા લાગ્યા.

મૂળશંકરનું આવું મનોમંથન ચાલી રહ્યું હતું, તેવામાં એક બીજો પ્રસંગ બન્યો. તેમના કાકાને મૂળશંકર પ્રત્યે ખૂબ વહાલ હતું. તેમને પણ કોગળિયું થયું અને જીવનલીલા સંકેલી લીધી. આ ઘટનાએ મૂળશંકરના હૃદયને હચમચાવી મૂક્યું. તેમનું હૈયું ધીરજ જાળવી શક્યું નહીં. તે કરુણ રુદન કરવા લાગ્યો, અને તેની આંખ રડી રડીને સૂજી ગઈ. કાકાના આ અવસાનથી મૂળશંકરના મનોમંથન વધારે ઉગ્ર બની ગયાં. વૈરાગ્યની મૂળ ચિનગારીમાં એક નવી આગ ઉમેરાઈ.

ઉપરની બે ઘટનાઓની પ્રતિક્રિયા મૂળશંકરના સ્વચ્છ અને નિર્દોષ હૃદય પર કેવી અને કેટલી પડી તે તેમના શબ્દોમાં જ સાંભળવી વધુ ઉચિત લેખાશે. ઋષિ દયાનંદે પોતાની આત્મકથામાં આમ લખ્યું છે: ''મારી ૧૬ વરસની ઉંમર વખતે એક ૧૪ વર્ષની બહેન હતી તેને કોગળિયું થયું. તેની ઘટના આ પ્રમાણે છે: એક રાતના જ્યારે અમે એક મિત્રને ત્યાં નાચગાન જોવા ગયેલા ત્યારે અચાનક નોકરે આવીને ખબર આપી કે બહેનને કોગળિયું થઈ ગયું છે. અમે બધાંય તુરત ત્યાંથી આવ્યાં. વૈદ્ય બોલાવ્યા, દવા કરી, પરંતુ કોઈ ફાયદો ન થયો. ચાર કલાકમાં તેણે શરીર છોડી દીધું. હું તેની પથારી પાસે

દીવાલનો ટેકો લઈને ઊભો હતો. આથી મારા હૃદયને ખૂબ આઘાત લાગ્યો અને મને ખૂબ ડર લાગ્યો. અને બીકનો માર્યો વિચાર કરવા લાગ્યો કે બધા લોકો આમ જ મરશે અને આમ હું પણ મરી જઈશ ? હું વિચારમાં ડૂબી ગયો કે શું સંસારમાં જેટલા પણ જીવો છે તેમાંથી કોઈ નહીં બચે ? માટે એવો કોઈ રસ્તો શોધી કાઢવો જોઈએ જેથી જન્મમરણ રૂપી દુઃખમાંથી આ જીવ છૂટી જાય અને મુક્ત બને. એટલે કે આ સમયે મારા ચિત્તમાં વૈરાગ્યનું મૂળ રોપાઈ ગયું.''

બીજા પ્રસંગનું દયાનંદજીએ નિમ્ન પ્રકારે વર્ણન કર્યું છે:

''જ્યારે મારી ઉંમર ૧૯ વર્ષની થઈ ત્યારે મને અત્યંત વહાલ કરનારા અને ધર્માત્મા તથા વિદ્વાન તેવા મારા કાકાને કોગળિયું થઈ ગયું. મરતી વખતે તેમણે મને પોતાની પાસે બોલાવ્યો. લોકો તેમની નાડી જોવા લાગ્યા. હું પણ પાસે જ બેઠેલો હતો. મારા તરફ જોતાં જ તેમની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. મને પણ તે વખતે ખૂબ રડવું આવ્યું. અરે ! રડતાં રડતાં મારી આંખો પણ સૂજી ગઈ. આટલું રડવું મને આ પૂર્વે કદી નહીં આવેલ. તે દિવસે મને એમ લાગ્યું કે હું પણ કાકાની માફક એક દિવસે મરવાનો છું.''

આમ બહેનના મૃત્યુથી નરમ પડી ગયેલા મૂળશંકરના હૃદયને કાકાના મૃત્યુએ પૂર્ણતઃ વૈરાગ્ય તરફ ધકેલી દીધું.

આમ તો શિવલિંગ ઉપર ઉંદરોને કૂદતા હજારો લોકો જુએ છે, પણ તેને એક સામાન્ય ઘટના ગણીને તેના તરફ દુર્લક્ષ્ય કરતા હોય છે. બહેનો કે સગાંવહાલાં કોનાં નથી મરતાં ? પરંતુ બધાને વૈરાગ્ય નથી પેદા થતો. નાનકડા પ્રસંગથી આટલું મોટું

પરિણામ શોધી કાઢવું દરેક બુદ્ધિ માટે શક્ય નથી. અને વિશિષ્ટ બુદ્ધિ માટે પણ નાનકડી ઘટનાથી મોટું પરિણામ શોધવું અસંભવ છે. એક ફળને ઝાડની નીચે પડતું જોઈને ગુરુત્વાકર્ષણના નિયમની કલ્પના બધા નથી કરી શકતા. પોપની સવારી કેટલાય પાદરીઓએ જોઈ હશે, પરંતુ ઈસાઈ ધર્મમાં સુધારો કરવાની ભાવના બધાંનાં હૃદયમાં નહીં જાગી. ભગવાન બુદ્ધે રોગી અને વૃદ્ધને જોઈને અમરતાના માર્ગ પર મહાપ્રસ્થાન કર્યું. વિશેષ પ્રતિભાઓ જ બિંદુથી વિશ્વનું અનુમાન કરી શકે છે. પૂર્વસંસ્કાર અને અદ્‌ભુત પ્રતિભા બંનેયનું સંમિશ્રણ જગતમાં આશ્ચર્યજનક કાર્ય કરી બતાવે છે. મૂળશંકરમાં પણ આ બંનેય વસ્તુનો સમાવેશ હતો.

એટલે મૂળશંકરના હૃદયમાં એ વિચાર જાગ્યો કે, ''મારે પણ એક દિવસે મરવું પડશે ? શું આનાથી બચી શકાય ?''

તે વિદ્વાનોને, વડીલોને અમર થવાનો રસ્તો પૂછવા લાગ્યો. જ્યારે તેના માબાપને આ વાતની જાણ થઈ, ત્યારે તેમણે મૂળશંકરને લગ્નબંધનમાં બાંધી દેવાનો વિચાર કર્યો. મૂળશંકરના વિરોધથી એક વાર તો ટળી ગયું, પરંતુ એકવીસમું વર્ષ બેઠું ત્યાં ફરી એ વાત ઊપડી. આથી મૂળશંકરે પિતાને વિનંતી કરી: ''મારે વ્યાકરણ, જ્યોતિષ અને વૈદકના ગ્રંથ શીખવા છે, આ માટે મને કાશી જવાની રજા આપો.'' આ રજા તો ન મળી પરંતુ બાજુના ગામમાં એક વૃદ્ધ શાસ્ત્રીજી પાસે ભણવા જવાની રજા મળી. આ વ્યવસ્થાથી મૂળશંકરને ઘણો આનંદ થયો. એને લાગ્યું કે આ રીતે તેને ગૃહત્યાગ કરવાની અનુકૂળતા મળી રહેશે. થોડા સમયમાં એ પંડિતને લાગ્યું કે મૂળશંકરના હૃદયમાં લગ્ન

પ્રત્યે પ્રબળ સૂત્ર અને વૈરાગ્યની ઉત્કંઠા છે. એમણે કરસનજી ત્રવાડીને પુત્રને લઈ જવાની અને તેનું ચિત્ત સંસારમાં પરોવી દેવા પરણાવી દેવાની સલાહ આપી.

કરસનજી ત્રવાડી આવીને મૂળશંકરને લઈ ગયા. ઘેર તેની આસપાસ સખત ચોકી ગોઠવવામાં આવી. બીજી તરફ એના લગ્નની તૈયારીઓ થવા માંડી. મૂળશંકરનું મન આ માટે બિલકુલ તૈયાર નહોતું. સંસારત્યાગનો તેમનો નિર્ણય અફર હતો. એટલે અમૃતનો તરસ્યો મૂળશંકર ૨૨ વરસની વયે સંવત ૧૯૦૨ના જેઠ માસની એક સાંજે ઘર છોડીને સાચા શિવની શોધમાં ચાલી નીકળ્યો. ઘર છોડ્યા બાદ છસાત ગાઉ સુધી તો મૂળશંકરે અટક્યા વિના ચાલ્યા જ કર્યું. રસ્તામાં બાવાઓની એક જમાતનો તેને સંગાથ મળી ગયો. મૂળશંકરના હાથ ઉપર વીંટી હતી અને તેનાં વસ્ત્રો પણ સુંદર હતાં. બાવાઓએ આની ઠેકડી કરવા માંડી, ત્યારે તેણે પોતાનાં વસ્ત્રાભૂષણો ફગાવી દીધાં. તે એક લંગોટીભેર આગળ વધ્યો.

એમ ચાલતાં ચાલતાં સાયલામાં લાલા ભગતના સ્થાનકમાં એક બ્રહ્મચારીએ મૂળશંકરને યોગ્ય ગણીને બ્રહ્મચર્યની દીક્ષા આપી. હવે એમનું નામ 'શુદ્ધચૈતન્ય' રાખવામાં આવ્યું. તેમને ભગવાં વસ્ત્રો અને કમંડળ આપવામાં આવ્યાં. આમ શુદ્ધચૈતન્ય ગુજરાતનાં ગામડાંઓમાં ફરવા લાગ્યા, પણ તેમના મનનું સમાધાન ન થયું. જ્યાં સુધી બીજા ગુરુ ન મળે ત્યાં સુધી સ્થળત્યાગ ન કર્યો. થોડા સમય બાદ તેમણે સાંભળ્યું કે સિદ્ધપુરમાં એક મેળો ભરાવાનો છે. સરસ્વતીના પવિત્ર તટ ઉપર ભરાતા આ ધર્મ-મેળામાં કોઈ યોગ્ય ગુરુ મળી જશે, તેવી આશાથી

શુદ્ધચૈતન્યે લાલાજી ભગતની રજા લઈ સિદ્ધપુર પ્રયાણ કર્યું.

આમ, મૂળશંકરે સંવત ૧૯૦૨ના જ્યેષ્ઠ માસમાં ગૃહત્યાગ કર્યો અને સંવત ૧૯૧૭ના કારતક માસમાં તે દંડી સ્વામી વિરજાનંદજી પાસે પહોંચ્યો. વચ્ચેનાં ૧૫ વર્ષનો ગાળો તેણે એક સાચા અને આદર્શ જિજ્ઞાસુ તરીકે વ્યતીત કર્યો અને ઘરનો સંબંધ સદંતર તોડી નાખ્યો. જોકે આ દરમ્યાન મૂળશંકરનો એક વાર તેના પિતા સાથે ભેટો થયેલો. સિદ્ધપુરમાં મૂળશંકરે ગામથી દૂર નીલકંઠ મહાદેવમાં ઉતારો કર્યો હતો. તેણે ત્યાં ગુરુની શોધ કરવા માંડી. બીજી બાજુ એક પરિચિત સાધુનો સંદેશ પામી કરસનજી ત્રવાડી સિપાઈઓની ટુકડી સાથે જમાદારના પોશાકમાં સિદ્ધપુર આવી પહોંચ્યા. પુત્રની શોધમાં આખો મેળો ખૂંદી વળ્યા. આખરે ભગવાં વસ્ત્રોમાં સુકાઈ ગયેલા મોંવાળા પુત્રને જોયો. તરત જ તેની પાછળ જઈને તેમણે તેના બાવડાને કડકાઈથી પકડ્યું. પિતાએ કહ્યું: ''કુળનાશક! તેં મારો વંશ લજાવ્યો !'' મૂળશંકર તેમની સામે જવાબ ન આપી શક્યો. તેણે પિતાના ચરણોમાં પડીને માફી માગી. પિતાએ તેનાં ભગવાં વસ્ત્રો ફાડી નાખ્યાં અને તેના ઉપર સખત પહેરો ગોઠવી દીધો. શુદ્ધચૈતન્ય એ બધું સહન કરતો રહ્યો પણ સાથે સાથે એ નાસી જવાનો માર્ગ પણ શોધતો રહ્યો.

છેવટે આ બંધનમાંથી પણ શુદ્ધચૈતન્ય છૂટી ગયો. તક મળતાં તે નાસી છૂટ્યો. પુત્રને ગુમાવી બેઠેલા પિતા રોષ અને નિરાશા સાથે ઘર તરફ પાછા ફર્યા.

છેવટે અમદાવાદ અને વડોદરાની આસપાસનાં ગામોમાં ભટકતો ભટકતો શુદ્ધચૈતન્ય નર્મદાતટ પર પહોંચી ગયો. તેણે

અનેક સંન્યાસીઓ પાસે સંન્યાસ લેવા માટે માગણી કરી, પરંતુ નાની ઉંમર જોઈને સૌ સંકોચ કરતા રહ્યા. નર્મદા નદીના તટ પર ભ્રમણ કરતા દક્ષિણના વિદ્વાન સંન્યાસી સ્વામી પૂર્ણાનંદના સત્સંગની તક શુદ્ધચૈતન્યને પ્રાપ્ત થઈ. તેમની પાસે તેણે સંન્યાસીની દીક્ષા આપવાની માગણી કરી, પ્રથમ તો તેમણે પણ તેને દીક્ષા આપવાની ના પાડી, પણ આખરે જ્યારે તેમણે તેનો દૃઢ નિશ્ચય જોયો ત્યારે તેઓ સંમત થયા અને તેને દીક્ષા આપી. તેમણે ચૈતન્યને 'દયાનંદ સરસ્વતી' એવું નામ આપ્યું.

આમ, ૨૫ વર્ષની વયે મૂળશંકરમાંથી બ્રહ્મચારી શુદ્ધચૈતન્ય બનેલો યુવાન સંન્યાસી દયાનંદ સરસ્વતી બની ગયો. હવે સાચા યોગીઓની અને વિદ્વાનોની શોધમાં દયાનંદજી અનેક નદીતટો, પર્વતોની ઉપત્યકાઓ, તીર્થસ્થળો, મઠો, મંદિરો અને હિમાલયની કંદરાઓ ખૂંદી વળ્યા. જ્યાં પણ કોઈ વિદ્વાન કે યોગીની ભાળ મળતી સ્વામીજી સેંકડો દુ:ખ વેઠીને પણ પહોંચી જતા. ચાંદોદમાં સ્વામીજીને જ્વાલાનંદજીપુરી અને શિવાનંદગિરિ નામના બે સમર્થ મહાત્માઓનો સત્સંગ થયો. તેમણે સ્વામીજીને યોગનો અભ્યાસ કરાવેલો. તેમનું ઋણ સ્વીકરાતાં દયાનંદજી સ્વયં લખે છે: ''એ બંને મહાત્માઓએ મને નિહાલ કરી નાખ્યો. તેમના પ્રભાવથી યોગવિદ્યાની સકલ ક્રિયાથી હું પરિચિત થયો. હું તેમનો અત્યંત કૃતજ્ઞ છું, ખરેખર ! તેમણે મારા ઉપર એક મહાન ઉપકાર કર્યો છે.''

આ પછી સ્વામીજી આબુ ગયા. વિદ્યાને અર્થે, સત્યને અર્થે એમણે અનેક સંત-મહાત્માઓ સાથે સત્સંગ કર્યો, ચર્ચા કરી અને યોગના સંબંધમાં જ્ઞાન પ્રાપ્ત કર્યું. આમ યતિ-મુનિઓને

મળતાં મળતાં ભારતના અનેક પ્રદેશોની પદયાત્રા કરતાં કરતાં સ્વામીજી સંવત ૧૯૧૨ના વૈશાખ માસમાં હરદ્વારના કુંભમેળામાં આવી પહોંચ્યા. આ વખતે તેમની ઉંમર ત્રીસ વર્ષની હતી. આ તીર્થસ્થળ માખીઓથી બણબણી રહ્યું હતું અને એઠાં પતરાળાંથી ગંધાઈ રહ્યું હતું. ત્યાં પુષ્કળ ગિરદી અને કોલાહલ હતાં તથા ગંગાજીનાં જળ નાહવાધોવાથી અત્યધિક ડહોળાઈ ગયાં હતાં. સ્વામીજી આ કારણે ગંગા પાસેના ચંડી પર્વતના જંગલમાં ઊતર્યા હતા. અહીંથી સ્વામીજી હૃષીકેશ, ટિહરી, શ્રીનગર, રુદ્રપ્રયાગ, શિવપુરી, ગુપ્તકાશી, ગૌરીકુંડ, ભીમગુફા વગેરે સ્થળાએ જઈ ફરી કેદારઘાટ આવ્યા. અહીં ગંગાગિરિ મહાત્માનો સંગ એમને અત્યંત રુચિ ગયો હતો. તેમની હિમાલય યાત્રાનું વર્ણન કરતાં તેઓ પોતાની આત્મકથામાં કહે છે: ''હું હિમાલયની તળેટીમાં હતો. શિયાળો ચાલતો, અલકનંદા નદી ઊતરીને સામે પાર જવાનું હતું. મારા શરીર ઉપર માત્ર એક પાતળી કંથા હતી. ટાઢ અસહ્ય હતી. બે દિવસના કડાકા હતા. પાણી પણ એટલું ઠંડું થઈ ગયેલું કે મોંમાં મુકાય નહીં. તેમ છતાં નદીમાં તરતા બરફના થોડા ટુકડા લઈને ભૂખ સંતોષવાનો મેં પ્રયત્ન કર્યો, એથી શાંતિ વળી નહીં. આખરે હું નદીમાં ઊતર્યો, નદીના તળિયે પડેલ અણીદાર પથરાઓથી મારા પગ વીંધાયા. પાણીની સહન ન થઈ શકે એટલી તીવ્ર ઠંડીથી શરીરનાં અંગ ખોટાં પડવા લાગ્યાં, તોય જેમતેમ કરીને મરણતોલ હાલતમાં હું સામે કિનારે પહોંચ્યો.

ત્યાં તો મારા છેદાયેલા પગમાંથી લોહીની ધારાઓ વહેવા લાગી. મેં મારા શરીર ઉપરથી વસ્ત્ર ઉતારી પગ ઉપર વીંટ્યું,

તોપણ પગની વેદના મોળી પડી નહીં. કિનારે જ નીચે બેસી ગયો. મારામાં એક પણ પગલું આગળ ચાલવાનું બળ નહોતું રહ્યું. ભૂખ રોમેરોમ વ્યાપી હતી. હું કોઈની મદદની વાટ જોવા લાગ્યો. ત્યાં મારી પાસે થઈને બે ગુરખા ખેડૂતો નીકળ્યા. મને સંન્યાસી ભાળી તેમણે હાથ જોડ્યા અને ઘેર આવવા પ્રાર્થના કરી, પણ હું અપંગ બની ગયો હતો અને પગ સાજા થાય ત્યાં તો એ બંને ખેડૂતો ડુંગરાઓમાં અદૃશ્ય થઈ ગયા. થોડા વખત પછી પગમાં તાકાત આવી, એટલે ધીમે ધીમે હું બદરીનારાયણ પહોંચ્યો. ત્યાં ખોરાક લીધો. ત્યાર પછી હું ફરી વાર જીવતો હોઉં તેમ મને લાગવા માંડ્યું. આવા તો જીવનમાં જુદે જુદે વખતે કેટલાય પ્રસંગો આવી ગયા, પણ એથી કદીયે હું નાસીપાસ થયો કે હિંમત હારી બેઠો તેવું મને સાંભરતું જ નથી.''

આમ, દયાનંદ હિમાલયમાં વર્ષો સુધી ભટક્યા. તળેટીએ તળેટીએ, શિખરે શિખરે અને વનેવનમાં એ ભમી વળ્યા. નદીનાળાં, વન-કંદરાઓ અને અનેક ઉપત્યકાઓ એ ખૂંદી વળ્યા, પણ સાચા ગુરુ હાથ લાગ્યા નહીં. એમના મનમાં આપઘાતના પણ વિચારો આવ્યા. છેવટે કઠોર તપ અને ભયાનક વિઘ્નબાધાઓએ તેમના તન અને મનને અત્યંત મજબૂત અને દૃઢ બનાવી દીધાં. તેમણે આપઘાતના મનસૂબા તજી દીધા. ઘણાં વર્ષને અંતે દ્રોણસાગર ઊતરી તે જ્ઞાનની શોધમાં આગળ ચાલ્યા. તેમની પાસે ઘણાં પુસ્તકો હતાં. ગંગાકિનારે બેસીને તેમણે એ પોથીઓનાં પાનાં ઉથલાવવા માંડ્યાં.

'હઠયોગપ્રદીપિકા', 'યોગબીજ' અને 'શિવસંધ્યા' વગેરે યોગની એ પોથીઓમાં તેમણે નાડીચક્રનાં વર્ણનો વાંચ્યાં.

સ્વામીજીને આ પુસ્તકોમાં વર્ણવેલાં નાડીચક્રો વિશે સંશય ઘોળાયા કરતો હતો. એટલામાં ગંગામાં તણાતું એક મડદું તેમણે જોયું. તરત જ પોતે ગંગામાં કૂદી પડ્યા અને પેલા મડદાને તાણી લાવ્યા. પાસે ચપ્પુ હતો તેનાથી શબને ચીર્યું અને પુસ્તકના વર્ણન સાથે એ શરીરના અંગોપાંગને મેળવવા લાગ્યા. તેમણે સર્વ અંગોનું પરીક્ષણ કર્યું, પણ પેલાં નાડીચક્રોનો કંઈ જ મેળ ખાધો નહીં. એટલે સ્વામીજીએ તે મડદાને તથા પેલી પોથીઓને ગંગાજીમાં પધરાવી દીધાં. પોતે નિશ્ચય કરી નાખ્યો કે વેદો, ઉપનિષદો, પાતંજલ અને સાંખ્યશાસ્ત્ર સિવાયનાં યોગને લગતાં સર્વ પુસ્તકો મિથ્યા અને અશુદ્ધ છે.

આ સમયે દયાનંદજીએ ઓખામઠની મુલાકાત લીધી. ત્યાંના મહંતશ્રી સાથે વાર્તાલાપ અને સત્સંગ થયા. દયાનંદજીના પાંડિત્ય, તપત્યાગ અને તેજના પ્રભાવથી એ મહંત અંજાયા. પોતાની ગાદી દયાનંદને સોંપી પોતાનો શિષ્ય અને સંપત્તિનો ઉત્તરાધિકારી બનાવવાની ઇચ્છા તેમણે બતાવી. પણ જેણે સંસારનો ત્યાગ કર્યો હતો તેવા દયાનંદને તે ગાદી આકર્ષી શકી નહીં. તેમને મહંતગીરી જોઈતી ન હતી. તેમને તો જ્ઞાન જોઈતું હતું. એટલે વીતરાગ સંન્યાસી દયાનંદે મહંતને કહ્યું: ''જો મને ધનની જ ઇચ્છા કે અભિલાષા હોત તો હું મારા પિતાની સંપત્તિનો, જે તમારા ઐશ્વર્યથી અનેક ગણી વધારે હતી, ન છોડત.'' દયાનંદને તો સાચા શિવનો સાક્ષાત્કાર અને મૃત્યુથી બચવાનો ઉપાય જોઈતો હતો. જ્યારે મહંત પાસે ધનદોલત તો ખૂબ હતાં પણ સત્ય અને સાચા શિવ નહોતા.

આમ ગંગાતટ પર યાત્રા પૂરી કરી હિમાલય છોડી દયાનંદ

પાછા ફર્યા.

હવે દયાનંદજીએ નર્મદાની યાત્રા આરંભી. પોતે નર્મદાના મૂળ તરફ જઈ રહ્યા હતા. માર્ગ વિકટ હતો, ગાઢ અરણ્ય હતું, કેડીઓ ખોવાઈ જતી હતી. તેમને અનેક કાંટાઓ વાગ્યા, ઠોકરો લાગી, ઘા પડ્યા, લોહી નીકળ્યાં અને જાત જાતની વિપત્તિઓ આવી. આમ છતાં સત્યની શોધમાં તેઓ અવધૂત દશામાં નિરંતર રખડતા રહ્યા પણ ત્યાંયે તેમને સાચું જ્ઞાન મળતું ન હતું.

આ પ્રમાણે ત્રણ વર્ષ સુધી સ્વામીજીએ નર્મદાતટે યાત્રા કરી. તપસ્યાની ભઠ્ઠીમાં તવાઈને તેમના મલવિક્ષેપ દૂર થઈ ગયા. વર્ષોની તપશ્ચર્યાએ તેમના દેહને અદ્ભુત કાંતિ આપી. તેમનું જીવન યજ્ઞાગ્નિની દીપ્તિથી કાંચનવર્ણું ઝળહળી રહ્યું હતું.

પંદર વર્ષની એ રઝળપાટમાં દયાનંદે ભારત દેશની દુર્દશાનાં દર્શન કર્યાં. તેમને બધે જ અંધકાર અને અજ્ઞાન દેખાયાં. સાચું જ્ઞાન અને ધર્મ ક્યાંય દેખાયા નહીં. સર્વત્ર દંભ, પાખંડ, વિલાસ, અંધવિશ્વાસ અને છળકપટની લીલા હતી. બીજી તરફ દેશ પરતંત્ર હતો. તેનું પણ તેમને ભારે દુઃખ હતું. સાક્ષર રમણલાલના શબ્દોમાં દયાનંદે શૂદ્રોને સતાવતા બ્રાહ્મણો જોયા, શ્રમજીવીઓનું શોષણ કરતા શ્રીમંતો જોયા, પ્રજાને વજ્ર એડીથી ચગદી નાખતી વિદેશી સત્તા જોઈ.

નર્મદાતટે તેમણે મથુરામાં બિરાજતા પ્રજ્ઞાચક્ષુ વિરજાનંદ સ્વામીના અસાધારણ પાંડિત્ય, અદ્ભુત પ્રતિભા અને યશ અંગે સાંભળ્યું અને તેઓ મથુરામાં પહોંચ્યા.

સ્વામી વિરજાનંદજી મૂળે પંજાબી હતા. તેઓ સારસ્વત બ્રાહ્મણ હતા. તેમનું ગોત્ર ભારદ્વાજ હતું, અને તેઓ

નારાયણદત્ત ભારદ્વાજના પુત્ર હતા. એ પાંચ વર્ષના થયા ત્યારે શીતળાના વ્યાધિમાં એમની બંને આંખો ચાલી ગઈ. અગિયાર વર્ષની ઉંમરે તેમણે માતાપિતા ગુમાવ્યાં. હવે ભાઈભાભીના ઘરે તેમને ખૂબ દુઃખ પડવા માંડ્યું. તેમણે ગૃહત્યાગ કરી અધ્યયન અને સમાધિમાં સમય વિતાવવા માંડ્યો. ૧૮ વર્ષની વયે તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો. તેમણે વેદ અને વ્યાકરણનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. એક વેળા વિરજાનંદજી વિષ્ણુસ્તોત્ર બોલી રહ્યા હતા ત્યારે અલવર નરેશ વિનયચંદ્રસિંહજી તેમની ચમત્કારિક શક્તિથી મુગ્ધ થઈ ગયા. તેઓ તેમને અલવર લઈ ગયા.

વિરજાનંદજીએ રાજા પાસે શરત મૂકી: ''એક પણ દિવસ પાડ્યા વિના તમે દરરોજ મારી પાસે ત્રણ કલાક સુધી વેદપાઠ કરવાનું સ્વીકારો તો જ હું અલવરમાં રહું.'' મહારાજાએ શરત સ્વીકારી અને ઠીક ઠીક સમય સુધી તેનું પાલન કર્યું. પણ એક દિવસે કોઈ ઉત્સવમાં મહારાજા રોકાઈ ગયા અને વેદપાઠ કરવા ન જઈ શક્યા. પરિણામે સ્વામીજીએ અલવર છોડ્યું. એ પછી થોડો સમય ભરતપુરમાં રહી એ મથુરા ગયા. મથુરામાં તેમણે વેદપાઠશાળાની સ્થાપના કરી. યમુના નદીના વિશ્રામ ઉપરની સડકની એક બાજુએ નાનીસરખી અડાળીમાં વિરજાનંદજીનું આસન હતું. વિરજાનંદજી સવારસાંજ ધ્યાનમાં બેસતા અને દિવસના અધ્યાપન કાર્ય કરતા. તેમની વિચારશક્તિ અત્યંત તેજસ્વી હતી તેવી જ પ્રખર તેમની ધારણશક્તિ હતી. એક વખત સાંભળેલો પાઠ એ કદાપિ વીસરતા નહોતા. તેઓ સ્પષ્ટવક્તા, નિષ્કપટ અને સરળ વૃત્તિના હતા છતાં સ્વભાવે ઉગ્ર હતા. તે ઋષિપ્રણીત ગ્રંથો જ ભણાવતા હતા, એટલે

કૌમુદી વગેરે ગ્રંથોનું એમને ત્યાં અધ્યાપન થતું નહોતું. એમના વિદ્યાર્થીઓ નિઘંટુ, નિરુક્ત, અષ્ટાધ્યાયી અને મહાભાષ્ય વગેરે આર્ષ ગ્રંથોનું અધ્યયન કરતા. એ સંન્યાસી તેમના પ્રખર પાંડિત્ય માટે પ્રસિદ્ધ હતા અને વ્યાકરણના ભાસ્કર ગણાતા. તેમને શ્રીમદ્ ભાગવતની સામે સખત ચીડ હતી. સ્વામી દયાનંદજીએ સંવત ૧૯૧૭ના કાર્તિક માસના શુક્લ પક્ષની બીજે અર્થાત્ ઈ.સ. ૧૮૬૦ના નવેમ્બરની ૧૪મી તારીખે વિરજાનંદજીની કુટિરનાં દ્વાર ખખડાવ્યાં. અંદરથી પ્રશ્ન આવ્યો: ''કોણ છો ?''

''સંન્યાસી.''

''તમારું નામ ?''

''દયાનંદ સરસ્વતી.''

દ્વાર ઊઘડ્યું. ૮૧ વર્ષના વૃદ્ધ વિરજાનંદજીએ કહ્યું:

''દયાનંદ ! તું અત્યાર સુધી અનાર્ય ગ્રંથો ભણ્યો છે. તારે જો મારી પાસે ભણવું હોય તો એ ગ્રંથોને ખાડામાં નાખી દે કે જમનામાં વહાવી દે. મારી પાસે તો ઋષિપ્રણીત ગ્રંથોનો જ અભ્યાસ થઈ શકશે. અને દયાનંદ ! તું તો સંન્યાસી છે. તારા ભોજન વગેરે માટે અહીં કોઈ વ્યવસ્થા નથી. આ નિશ્ચિંતતા વિના ભણાય જ નહીં, માટે જા.''

પણ દૃઢવ્રતી દયાનંદ એમ ચાલ્યા જાય તેવા નહોતા. દયાનંદજીએ કહ્યું: ''આ અનાર્યગ્રંથો તો મેં ફેંકી જ દીધા, અને ભોજનની વ્યવસ્થા હું કરી લઈશ. ગુરુવર્ય ! આપ મારો શિષ્ય તરીકે એક વાર સ્વીકાર કરો.'' દયાનંદજીની લગન અને આત્મસમર્પણવૃત્તિથી પ્રજ્ઞાચક્ષુ વિરજાનંદજી પ્રભાવિત થયા

અને દયાનંદને શિષ્ય તરીકે સ્વીકાર્યા. વિરજાનંદજીએ શહેરમાં ફાળો કરી દયાનંદજી માટે 'મહાભાગ્ય'ની પ્રત મેળવી આપી.

આમ અધ્યયનનો આરંભ થયો ત્યારે ભારતના ઉત્તર ક્ષેત્રમાં દારુણ દુકાળ હતો. આથી, શરૂઆતના થોડા દિવસોમાં સ્વામીજીને ચણા ઉપર જ રહેવું પડ્યું હતું. પાછળથી અમરલાલ નામના એક સજ્જને સ્વામીજીને ભોજન તથા ગ્રંથ વગેરે બાબતમાં નિશ્ચિંત કર્યા. સ્વામીજીને રાતના અધ્યયન માટે તેલની વ્યવસ્થા નહોતી. લાલા ગોરધનદાસે એ પેટે માસિક ચાર આના આપવા માંડ્યા. દૂધને માટે હરદેવ પથ્થરવાળા સ્વામીજીને માસિક બે રૂપિયા આપતા થયા. મુકામને માટે સ્વામીજીએ પહેલેથી જ વિશ્રામઘાટ ઉપરના લક્ષ્મીનારાયણ મંદિરની નીચે એક કોટડી મેળવી લીધી હતી. જોકે એમાં તેઓ પોતાના પૂરા પગ પણ પસારી શકતા નહોતા.

પરંતુ દયાનંદજી શ્રદ્ધાપૂર્વક કૃતસંકલ્પ બની બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુની પાસેથી જ્ઞાનપ્રસાદી મેળવી પરમ વિજ્ઞાનનો સાક્ષાત્કાર કરવા અહર્નિશ કાર્યરત હતા. સ્વામીજી ગુરુજીને માટે નિત્ય જમનાજીમાંથી વીસ વીસ ઘડા પાણી લઈ આવતા અને ટાઢતડકો કશાની પરવા કર્યા વગર ગુરુસેવા કરતા.

વિરજાનંદજી દુર્વાસાનો અવતાર હતા. શિસ્ત અને અભ્યાસના અત્યંત આગ્રહી હતા. જોકે દયાનંદજી પણ એક આદર્શતમ વિદ્યાર્થી હતા તથા તેમના નિયમ સંયમ અપૂર્વ હતા. એક વખતે વિરજાનંદજીએ ક્રોધાવેશમાં આવીને નાનકડી ભૂલ માટે દયાનંદજીને હાથ પર લાકડી ફટકારી દીધી. છત્રીસ વર્ષના દયાનંદજી ગુરુજીને કહેવા લાગ્યા: ''ભગવન્ ! મારું શરીર તો

વજ્ર જેવું કઠોર છે. મને મારતાં આપના કોમળ હાથને કષ્ટ પડશે. માટે આપ મને બીજા પાસે દંડ અપાવો તો સારું.'' આવી હતી દયાનંદજીની સહિષ્ણુતા અને શ્રદ્ધા.

વિરજાનંદજીનો ક્રોધ દૂધના ઊભરા જેવો હતો. એમના હૃદયમાં વાત્સલ્યની અમીધારાઓ વહેતી હતી, અને શિષ્યને ઉચ્ચતમ અધિકારી બનાવવાની ધગશ હતી. આથી ગુરુજી ઘણી વાર કહેતા: ''દયાનંદ, તારી યાદશક્તિ અદ્ભુત છે. તારી સાથે વાદમાં ઊતરવાની કોઈની હિંમત જ નથી. તું તો 'કાલજિહ્વા' છે. આવી બળવાન તારી તર્કશક્તિ છે.'' વળી કોઈ વાર તેઓ કહેતા: ''દયાનંદ ! આજ સુધીમાં મેં અનેકને ભણાવ્યા છે પણ તને ભણાવવામાં મને જે રસ અને આનંદ મળ્યાં છે તે બીજા કોઈને ભણાવવામાં મળ્યાં નથી.''

આથી ગુરુજીએ પોતાના આ અદ્ભુત શિષ્યને સર્વ વિદ્યારત્નો અને જ્ઞાનનાં ગૂઢતમ રહસ્યો અર્પણ કર્યાં હતાં.

અઢી વર્ષ દયાનંદ વિરજાનંદ પાસે રહ્યા. વિદાયદિન આવી ગયો, એટલે તેમણે વિદાય માગી. દયાનંદજી ગળગળે સાદે ગુરુની ચરણવંદના કરતાં બોલ્યા: ''ગુરુજી ! હું આપની વિદાય અને આશિષ ઇચ્છું છું. આપે મને પ્રેમથી નવરાવી દીધો છે અને જે પ્રકાશ આપે મારામાં સીંચ્યો છે, તે સર્વ માટે મારું રોમેરોમ આપને ધન્યવાદ આપે છે. ઉપકાર વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી. આપને ગુરુદક્ષિણામાં હું શું આપું ? એવી કોઈ ચીજ મારી પાસે નથી. આ ખોબો લવિંગ છે, આપ તે સ્વીકારો.''

વૃદ્ધ ગુરુનાં અંગેઅંગ ભાવથી ભીનાં થઈ ગયાં. દયાનંદજીના મસ્તકે હાથની છાયા પસારી. ગુરુજી બોલ્યા: ''બેટા ! તારું

મંગલ થાઓ. ભગવાન તારી વિદ્યાને સફળ બનાવે. આ લવિંગથી અધિક મારે જોઈએ છે, બેટા! એ ગુરુદક્ષિણા આપવાની તારી શક્તિ છે, બોલ આપીશ ?''

''ભગવન્ ! આ સમસ્ત જીવંત આપના ચરણોમાં અર્પણ છે. આપ આજ્ઞા આપો.'' દયાનંદજીએ કહ્યું.

વિરજાનંદજી ઉજ્જવળ ભાવિની કલ્પના કરતા કહેવા લાગ્યા: ''બેટા દયાનંદ ! આપણો ભારત દેશ દીનહીન થઈ ગયો છે, સર્વત્ર અજ્ઞાન અને અંધકાર જામ્યાં છે. લોકો સત્યાસત્યનો વિવેક ચૂક્યા છે. જા, તું તેનો ઉદ્ધાર કર. મતમતાંતરોની અને કુરીતિઓની જડ કાઢી નાખ. વેદોનો સર્વત્ર પ્રકાશ કર અને વૈદિક ધર્મનો સર્વત્ર ફેલાવો કર. એ સદા યાદ રાખજે કે મનુષ્યકૃત ગ્રંથોમાં પરમેશ્વરની અને ઋષિઓની નિંદા છે, જ્યારે ઋષિકૃત ગ્રંથોમાં નથી. બેટા ! આ જ ગુરુદક્ષિણા હું માગું છું. બીજી કોઈ સાંસારિક લાલસા મને નથી.''

આ અમૂલ્ય ઉપદેશને શિરોધાર્ય કરીને સંન્યાસી દયાનંદે ગુરુ વિરજાનંદના દ્વારેથી વિદાય લીધી.

જે વસ્તુ પર્વતનાં શિખરો ઉપર, ગાઢ વનોમાં, નદીઓના પ્રવાહમાં, હિમાલયની કંદરાઓમાં અને મહંતોના મઠોમાં શોધવા છતાંય ન મળી તે અમૃતના તરસ્યા દયાનંદને મથુરાપુરીમાં દંડી વિરજાનંદજીનાં ચરણોમાં મળી. તે વસ્તુ વિદ્યા અને વિવેકબુદ્ધિ હતી. તે વસ્તુને પામીને બ્રહ્મચર્યના તેજથી તેજસ્વી બ્રહ્મચારી દયાનંદ સંસાર-ક્ષેત્રમાં પદાર્પણ કરે છે.

જે વખતે ગુરુના આશીર્વાદ અને આજ્ઞા માથે ચડાવીને દયાનંદ કાર્યક્ષેત્રમાં ઊતર્યા તે સમયે આર્યજાતિની દશા જોરજોરથી પોકાર

કરી રહી હતી કે મને એક વૈદ્યની આવશ્યકતા છે. ભારત દેશ અજ્ઞાન, પરાધીનતા તેમ જ અનેકવિધ દુઃખોથી ગ્રસ્ત હોવાને કારણે ખાંડવ વન જેવો દુર્ગમ અને ભયાનક બની ગયો હતો.

આવા વખતે દયાનંદજી પોતે મેળવેલા જ્ઞાનનો પ્રસાર કરવા ભારત દેશની યાત્રાએ નીકળી પડ્યા. સંવત ૧૯૨૦ના વૈશાખ માસમાં તેમણે આગ્રામાં પ્રથમ પ્રવચન આપ્યું. તેમનાં અદ્‌ભુત પાંડિત્ય, અપૂર્વ તેજ, અકાટ્ય તર્કશક્તિ અને ઓજસ્વી વાણીના પ્રભાવથી સર્વત્ર હલચલ મચી ગઈ. અહીંથી સ્વામીજી એક વીર સેનાપતિ, કટ્ટર સુધારક, સુદૃઢ ધર્મસંસ્થાપક, વેદોના ઉદ્ધારક, પ્રતિભાવાન રાષ્ટ્રવિધાયક અને અનુપમ દ્રષ્ટા તરીકે આપણને દર્શન આપે છે. એ ઋષિવરનાં જ્ઞાન, વિદ્વત્તા, શૌર્ય, બ્રહ્મચર્ય, દયા, ક્ષમા, નિર્ભીકતા, વ્યવસ્થાશક્તિ, કુનેહ અને તેમની અવિરામ સત્યોપાસના સર્વકલાસંપન્ન પયગંબરની મૂર્તિ ખડી કરે છે.

આગ્રામાં સ્વામીજીએ સંસ્કૃતનું ગૌરવ સ્થાપ્યું અને ત્રીસ હજાર સાંધ્યોપાસનાનાં પુસ્તકો છપાવી પ્રજાને ધરી, સ્વામીજીએ એક માસ સુધી અહીં ગીતાની કથા કરી. લોકો તેમની અગાધ વિદ્વત્તાથી અને રમણીય શૈલીથી ચકિત થઈ ગયા. તેમણે જ્યાંત્યાં મૂર્તિપૂજાનું ખંડન કર્યું તેથી અનેકોએ મૂર્તિઓને પાણીમાં પધરાવી દીધી. અહીં સ્વામીજી મહાભારતની વિચારણા કરતા, ભાગવતનું ખંડન કરતા અને જિજ્ઞાસુઓને યોગના કેટલાક ઉપચારો શીખવતા. વળી, પોતે અહીં અઢાર કલાક સુધી સમાધિમાં બિરાજતા.

આ પ્રમાણે આગ્રામાં વેદધર્મનો શંખનાદ બજાવી સ્વામીજી

ધૌલાપુર થઈ ગ્વાલિયર પહોંચ્યા. ત્યાંથી અજમેર થઈને હરદ્વારના કુંભ મેળામાં ગયા. એ મેળામાં પ્રથમ વાર તેમણે 'વેદ' સિવાયના અન્ય ગ્રંથોને પ્રમાણભૂત માનવાનો ઈન્કાર કર્યો. કુંભના મેળામાં દયાનંદને અંધશ્રદ્ધાના સામ્રાજ્યનાં દર્શન થયાં. જ્ઞાન વિનાના પંડિતો તેમણે જોયા. નિર્બળ અને માયકાંગલા લોકો એમણે જોયા. આ તમામ અનિષ્ટોને મૂળમાંથી ઉખેડી નાખવાની જરૂર તેમને જણાઈ. આ માટે નવીન બળ પ્રાપ્ત કરવા એકાંતવાસ સેવીને આકરી તપશ્ચર્યા કરવા દયાનંદજી કૌપીનભેર નીકળી પડ્યા.

એક વર્ષ સુધી હિમાલયની કંદરાઓમાં તપ તપીને સ્વામીજી પાછા ફર્યા ત્યારે તેમની સામે પોતાના કાર્યક્રમની સ્પષ્ટ રૂપરેખા હતી. દયાનંદજીના શબ્દોમાં તેમનો કાર્યક્રમ આ પ્રકારનો હતો:

૧. ''ધર્મને નામે ચાલી રહેલી ખોટી માન્યતાઓ અને ખોટા સિદ્ધાંતોનો વિરોધ કરવા ભાષણો, વ્યાખ્યાનો અને વિવાદો મારફત વિશેષ જોરદાર બળવો જગાડવો.''

૨. ''વેદ ધર્મના કાર્યને પોતાનું કરી, તેના પ્રચાર પાછળ પોતાનું જીવન સમર્પનારા યુવકો તૈયાર થાય અને વેદધર્મનો ધ્વજ ગગનમાં અવિચળ ફરકતો રહે એ હેતુથી ગુરુકુળો અને વિદ્યાલયો સ્થાપવાં.''

૩. ''વેદ ધર્મ શું છે તે લોકો સરળતાથી સમજે એટલા માટે વેદ ધર્મનું સાહિત્ય મોટા પ્રમાણમાં પ્રસિદ્ધ કરવું. લોકશિક્ષણ અર્થે હિંદી ભાષામાં પત્રિકાઓ કાઢવી અને પુસ્તકો લખવાં. વેદના સંસ્કૃત ગ્રંથોનું હિંદી ભાષાંતર કરવું અને તેમનો સાચો અર્થ સમજાવનારાં સરળ ભાષ્યો રચવાં.''

આ કાર્યક્રમ લઈને સ્વામી દયાનંદ ગામેગામ ફરવા લાગ્યા. તેમનાં પ્રવચનોમાં અને પત્રિકાઓમાં એક જ સંદેશ હતો: ''વેદ ધર્મ એક જ ઈશ્વરમાં માને છે. વેદ ધર્મ મૂર્તિપૂજામાં નથી માનતો. વેદશાસ્ત્ર એ એક જ સાચું આધારભૂત શાસ્ત્ર છે. પુરાણ કે ભાગવત નહીં.'' સ્વામી દયાનંદજીની આ ઘોષણાએ પુરાતન પંથી હિંદુઓમાં અને સનાતની પંડિતોમાં ખળભળાટ મચાવી દીધો. સ્વામીજીનો શંખનાદ તીવ્રથી તીવ્રતર થતો ગયો. તેમણે મૂર્તિઓનું ખંડન કર્યું. વૈષ્ણવ, શૈવ અને શાક્ત આદિ સંપ્રદાયોને નિર્મૂળ ઠરાવ્યા, વામ વગેરે માર્ગની પોલ ખોલી, કંઠી, તિલક, છાપ અને માળાનાં નિરાકરણ કર્યાં; અવતારવાદ અને પુરાણ-ઉપપુરાણોને વેદ વિરુદ્ધ સાબિત કર્યાં, ગંગા વગેરે નદીઓમાં સ્નાન અને એકાદશી વગેરે વ્રતોનાં માહાત્મ્યોને જૂઠાં ઠેરવ્યાં.

સંવત ૧૯૨૪ના ચૈત્ર માસમાં કુંભમેળાના પ્રસંગે સ્વામીજી હરદ્વાર આવી પહોંચ્યા. સાધુઓ, સંતો, મહંતો, મઠાધીશો અને સામાન્ય યોગીઓથી આખું નગર જાણે કીડીથી ઊભરાઈ રહ્યું હતું. સપ્ત સરોવર સ્વામીજીએ તેમની 'પાખંડ ખંડિની પતાકા'ની સ્થાપના કરી, અને ઉપદેશો આપવા માંડ્યા. એક નિર્ભય સંન્યાસી ઝંડી ફરકાવી પુરાણ ધર્મને કુહાડાના ઘા મારે, એ એક રોમાંચકારી વિસ્મય હતું. છતાં, તેમની મઢીએ શ્રોતાઓની ભીડ વધતી ગઈ. ત્યાં શાસ્ત્રાર્થ માટે ઘણા ધસી આવતા હતા. પણ બેએક સવાલજવાબ થાય એટલે તેઓ મેદાન છોડીને ભાગી જતા હતા. સ્વામીજીના વેદજ્ઞાન અને ચારિત્ર્ય-પ્રભાવે અનેકોને મુગ્ધ કરી દીધા હતા. તેથી મોટા મોટા મહંતો પણ સ્વામીજીના દર્શને આવતા હતા. જોકે થોડાક વિઘ્નસંતોષી

અને વિરોધી પંડા-પૂજારીઓએ એવો પ્રચાર પણ આરંભ્યો કે આ સાધુ પ્રચ્છન્ન ખ્રિસ્તી પાદરી છે. આની સામે દયાનંદે પડકાર કર્યો. પરિણામે એક વિવાદસભા યોજાઈ. એ વિવાદસભામાં દયાનંદે પ્રતિપક્ષીઓની દલીલોનું સંપૂર્ણ ખંડન કર્યું. પરિણામ સ્વરૂપ તેમનો પ્રશંસક વર્ગ ઘણો વધી ગયો.

કાનપુરથી દયાનંદજી કાશી ગયા. ભારતના આ સુપ્રસિદ્ધ વિદ્યાતીર્થમાં તેઓ ૧૮૬૯ના ઑક્ટોબર માસની ૨૨મી તારીખે પહોંચ્યા. ત્રણ અઠવાડિયાં સુધી તેમણે ભાષણો આપ્યાં.

કાશીમાં રાજા માધોસિંહનો 'આનંદ બાગ' જાણીતો છે. તે બાગમાં કાર્તિક સુદિ ૧૨, સંવત ૧૯૨૬ના રોજ ખૂબ ધૂમધામ હતી. થોડા દિવસથી લંગોટધારી સંન્યાસી આ બાગમાં ઊતર્યો હતો. વિદ્યાની નગરી કાશીના પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ, નાનામોટા પંડિતમલ્લો તે લંગોટધારી સાથે પોતપોતાની બળપરીક્ષા માટે આવવા લાગ્યા છે. સ્વામીજીની કાશીમાં હાજરી માત્રથી સર્વત્ર ખળભળાટ મચી ગયો છે. બુદ્ધિ અને ધર્મની પૂર્ણ સ્વતંત્રતામાં માનનારો સુધારક દયાનંદ, અંધવિશ્વાસ અને રૂઢિઓના ગઢ બનારસની દીવાલોને સત્યની ટક્કરથી તોડી પાડીને ચૂરેચૂરા કરવા માટે એકમાત્ર ભગવાનના ભરોસે યુદ્ધમેદાનમાં ઊતરી પડ્યો છે. કાશી નગરી અત્યંત પ્રાચીનકાળથી વિદ્યાની ખાણ મનાય છે. તેના ખૂણે ખૂણે વિધવારિધિ અને ગલીએ ગલીએ મહામહોપાધ્યાય રહે છે. સ્વામી દયાનંદ હિંદુ ધર્મના કુરિવાજોનું ખંડન કરવા માગતા હતા. આજ સુધી કાશી અપરાજિતા હતી, ત્યાં સુધી પૌરાણિક ધર્મને પણ હારેલો ન માની શકાય. સામાન્ય રીતે જે પૌરાણિક પંડિત નિરુત્તર બની જતો તે કાશી

તરફ દોટ મૂકતો. કોઈ સ્વામી વિશુદ્ધાનંદનું નામ કે કોઈ પંડિત રાજારામ શાસ્ત્રીનું નામ વટાવી ખાતો. આશ્રયહીન અંધકારનો એકમાત્ર અંતિમ આશ્રય બનારસ જ દેખાતું. નિર્ભય વીર દયાનંદે ગુફામાં પેસીને સિંહને લલકારવાનો નિશ્ચય કર્યો અને માધોબાગમાં જઈને ધર્મનો ઝંડો રોપી દીધો.

સ્વામી દયાનંદે કાશીનરેશને કહેણ મોકલ્યું કે જો સત્યાસત્યનો નિર્ણય કરવા માગતા હો તો પંડિતોને શાસ્ત્રાર્થ માટે તૈયાર કરો. કાશીનરેશે પંડિતોને બોલાવીને શાસ્ત્રાર્થ કરવા માટે કહ્યું. પંડિતોએ જવાબ આપ્યો કે સ્વામી દયાનંદ વેદોનો પંડિત છે અને વેદની જ દુહાઈ દે છે. અમને વેદોમાંથી પ્રમાણો શોધી કાઢવા થોડા દિવસો મળવા જોઈએ. ત્યાર બાદ અમે શાસ્ત્રાર્થ કરી શકીશું. ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો. પંડિતો ખૂબ તૈયારીમાં પડી ગયા. શાસ્ત્રાર્થ માટે કારતક સુદિ ૧૨નો સમય નક્કી કરવામાં આવ્યો. સભા માટે માધોબાગ જ ઉપયુક્ત સ્થળ ગણવામાં આવ્યું. કારણ કે સ્વામીજીએ સંન્યાસ ધર્માનુસાર બીજાના સ્થળે જવાનું સ્વીકાર્યું નહીં. ૧૫ દિવસ પૂરા થઈ ગયા.

આજે એક બાજુ માધોબાગમાં સભાનો સમારંભ થવા લાગ્યો અને બીજી બાજુ કાશીના પંડિતોને સભાસ્થાન સુધી પહોંચાડવા માટે કાશીનરેશના મહેલથી પાલખી, છત્ર, ચામર વગેરે સામગ્રી મોકલાવવામાં આવી. આજે માનો કાશીના પંડિતોનો પરીક્ષાદીન ન હોય ! આજના દિવસની સફળતા ઉપર જ તેમનું ભવિષ્ય આધારિત હતું. પ્રતિપક્ષમાં કૌપીનધારી સાધુ હતો. વિદ્યા જ જેનું શસ્ત્ર હતું. સત્ય જ જેનો કિલ્લો હતો અને પરમાત્મા જ જેનો સહાયક હતો. બીજી બાજુ અનેક પંડિતોની મંડળી હતી,

જેમની પાસે વિદ્યારૂપી ખડ્ગ તો હતું પરંતુ સ્વતંત્ર વિવેકશક્તિના અભાવમાં રૂઢિરૂપી કાટથી કટાઈ ગયું હતું. સત્યનું મુખ હિરણ્મય પાત્રથી ઢંકાઈ ચૂક્યું હતું. પરમાત્માનું સ્થાન એક તરફ જડ મૂર્તિઓએ અને બીજી તરફ અન્નદાતા કાશીનરેશે ઝૂંટવી લીધું હતું. એક બાજુ કૌપીનધારી ભગવાન પર ભરોસો રાખી, સત્યના ગઢમાં ડેરો જમાવી વિદ્યાની તલવાર પકડીને નિર્ભીક બેઠો હતો. ત્યાં પોતાની શક્તિ અને સહાયકોને નિર્બળ માનીને પંડિતમંડળી ક્યારેક છત્ર-ચામરની શોભાનો ઢોંગ કરતી હતી, તો ક્યારેક સેંકડોની સંખ્યામાં શિષ્યોનું પ્રદર્શન કરી માનતી હતી કે હવે તો દયાનંદ જરૂર પીગળી જશે. પરંતુ દયાનંદ એવો દીવડો નહોતો જે હવાના સામાન્ય ઝપાટાથી ઓલવાઈ જાય.

જે લોકો માધોબાગ તરફ ઊમટી પડ્યા તેમાં નવ્વાણું ટકા મૂર્તિપૂજકો હતા. તે લોકો સત્યાસત્યનો નિર્ણય જાણવા નહોતા જતા, પરંતુ સ્વીકાર કરેલા 'સનાતન ધર્મ'ને જિતાડવા જતા હતા. તેમને બતાવવામાં આવ્યું હતું કે કાશીનગરીમાં એક બહુ મોટો નાસ્તિક આવ્યો છે. જે વિશ્વનાથપુરીમાં જ વિશ્વનાથજીને ગાળો ભાંડે છે. તેને હરાવવો એ હિંદુ માત્રની ફરજ છે. લોકો પોતપોતાની ભાવના અનુસાર એક જબરજસ્ત નાસ્તિકની હાર જોવા જઈ રહ્યા હતા. જનારાઓમાં સારા પણ હતા અને ભૂંડા પણ હતા. સારા માણસો પોતપોતાના પંડિતોને શુભકામના આપી રહ્યા હતા અને ભૂંડા લોકો નાસ્તિક સાધુ ઉપર ઈંટ-પથ્થર ફેંકવાનું કાવતરું કરી રહ્યા હતા. સભામંડળની વ્યવસ્થા શહેરના કોટવાળ રઘુનાથ સહાયે સાચવવાની હતી. તેઓ અત્યંત સજ્જન હતા. શાંતિપૂર્વક શાસ્ત્રાર્થનું કામ પતાવવા માટે તેમણે

એવી વ્યવસ્થા કરેલી કે એક વખતે એક જ પંડિત સ્વામીજી સાથે પ્રશ્નોત્તર કરે, અને પંડિતલોકો તેમને ઘેરી ન વળે.

ત્રણ ઊંચાં આસન ગોઠવવામાં આવ્યાં — એક સ્વામીજી માટે, બીજું પ્રતિપક્ષી પંડિત માટે અને ત્રીજું કાશીનરેશ માટે.

વિરોધીઓની આટલી બધી સંખ્યા! વળી તેમાંય કાશીના પ્રસિદ્ધ ગુંડાઓની સંખ્યા! સ્વામીજીના ભક્તોનાં હૃદય ધ્રૂજવા લાગ્યાં. સ્વામીજીએ તેમના સ્વભાવ પ્રમાણે ઈશ્વરવિશ્વાસ અને નિર્ભયતાનો ઉપદેશ આપતાં કહ્યું: ''એક પરમાત્મા છે અને એક જ ધર્મ છે, બીજો કોણ છે જેનાથી ડરવું પડે? તેમને આવવા દો, જેવા પડશે તેવા દેવાશે.''

પૌરાણિકોની અક્ષૌહિણી સેના આવી પહોંચી. રુઆબ બેસાડવા કાશીનરેશ, દૂધમાંથી પોરા કાઢવા વૃદ્ધ સંન્યાસી સ્વામી વિશુદ્ધાનંદ, પ્રસિદ્ધ બાલશાસ્ત્રી, માધવાચાર્ય, વામનાચાર્ય, નારાયણ વગેરે વિખ્યાત પંડિતો તથા હોહલ્લો કરવા માટે કાશીના વિદ્યાર્થીઓ અને ગુંડાઓ. આમ અનેક જયઘોષો બોલતી પૌરાણિક સેના માધોબાગમાં પહોંચી ગઈ. નિયતિહીન સેનાના પહોંચતાંની સાથે જ મંડપનો નિયમ તૂટી ગયો. કોટવાલનો પ્રયત્ન નિષ્ફળ ગયો. પંડિતોએ યોજનાપૂર્વક સ્વામીજીને ચારેય બાજુથી ઘેરી લીધા. તેમની પાસે એક પણ શુભેચ્છકને બેસવા દીધો નહીં. રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા અને દયાનંદજીને ઘેરો ઘાલીને પચાસ હજાર વિરોધીઓ સનાતન ધર્મનો જયકાર બોલવા લાગ્યા.

શાસ્ત્રાર્થનો આરંભ થયો. કહેવા પૂરતો શાસ્ત્રાર્થ હતો, પરંતુ વાસ્તવમાં વર્ષાઋતુનાં ધસમસતાં નાળાંઓની ચટ્ટાન સાથે ટક્કર

હતી. દરેક પંડિત પોતાની બળપરીક્ષામાં રત હતો અને યત્નશીલ હતો કે સ્વામી દયાનંદ નિરુત્તર થઈ જાય, પરંતુ હાજરજવાબી પ્રત્યુત્પન્નમતિ સંન્યાસી કોઈના કાબૂમાં નહોતો આવતો. અનેક વર્ષોના અભ્યાસ, તપ અને બ્રહ્મચર્યપાલન દ્વારા સંચિત કરેલ નિર્ભયતા, ધૈર્ય અને સ્મરણશક્તિ વગેરે ગુણો તેના પરમ સહાયક બન્યા. પ્રશ્નરૂપી બાણોની નિરંતર વૃષ્ટિ થઈ રહી હતી. સાધનસંપન્ન બ્રહ્મચારીએ ફેંકેલાં તીરોને રસ્તામાં નિરર્થક બનાવી દેતો અને સાથોસાથ પોતાના ધનુષ્યની કરામત બતાવતો. તેના લક્ષ્યવેધી બાણથી ફેંકેલાં અનેક બાણો વિરોધીઓની ઢાલોમાં છિદ્ર કરી રહ્યાં હતાં.

શાસ્ત્રાર્થ તો ક્યારેક શિરસ્તા પ્રમાણે અને ક્યારેક શિરસ્તો મૂકીને ચાલ્યો. પૌરાણિક પંડિતો પોતાની કમજોર સ્થિતિને જાણતા હતા. તેમના માટે વેદોમાંથી મૂર્તિપૂજાનું વિધાન શોધવું અસંભવ હતું. એટલે શાસ્ત્રાર્થમાં વિજય પણ તદ્દન અશક્ય હતો. પંડિતોએ ઈરાદાપૂર્વક વિષયાંતર અને આડોડાઈ શરૂ કરી. સાંજ પડી અને વિશુદ્ધાનંદે ચાલાકી વાપરી અને 'દયાનંદ હારી ગયો છે' તેવી બૂમ પડાવી. સભામાં હોહા વધી ગઈ. પંડિતોનો ઈશારો થતાં જ કાશીનરેશ ઈશ્વરીનારાયણસિંહ પણ આસનથી ઊભા થઈ ગયા અને તાળીઓ પાડવા લાગ્યા. પૂર્વયોજનાનુસાર પૂરો લોકસાગર એકદમ ઊભો થઈ 'સનાતન ધર્મનો જય'ના જયકાર કરવા લાગ્યો. કોટવાળે કાશીનરેશને આવા હલકટ વ્યવહાર માટે ઠપકો આપ્યો, ત્યારે તેઓ બોલ્યા કે, ''આપણે બધાય મૂર્તિપૂજક છીએ એટલે આપણા સામાન્ય શત્રુને ગમે તે ભોગે હરાવવો જ જોઈએ.'' સ્વામીજી ઉપર ઈંટ, પથ્થર,

કાંકરા, માટી, જોડા વગેરેની ઝડીઓ પડી. સ્વામીજી તો ધીરગંભીર સમુદ્રની માફક શાંત જ રહ્યા. છેવટે રાજાએ કહ્યું: ''આપ સમર્થ પંડિત છો તે તો મેં જાણ્યું હતું, પણ આપ સાચેસાચ વીતરાગ છો તે અત્યારે પ્રત્યક્ષ અનુભવ્યું.''

પૌરાણિક પંડિતમંડળીએ શહેરમાં વિજય સરઘસ ફેરવીને પોતાની કુટિલતા અને હારને છુપાવવાનો પ્રયત્ન કર્યો. પણ દેશનાં નિષ્પક્ષ સમાચારપત્રોએ દયાનંદજીના વિજયના સમાચાર પ્રકાશિત કર્યા, પંડિત સત્યવ્રત, સામશ્રમીજીએ તેમની 'પ્રત્નકમરનંદિની' નામક માસિક પત્રિકામાં દયાનંદજીની સફળતાની ઘોષણા કરી. 'સુલેહખંડ' નામક પત્રે લખ્યું કે ''સ્વામી દયાનંદજીએ કાશીના પંડિતોને હરાવી દીધા છે.'' લાહોરની 'જ્ઞાનપ્રદાયિની' પત્રિકાએ છાપ્યું કે, ''એમાં શંકા નથી કે પંડિતમંડળી મૂર્તિપૂજાનું વિધાન વેદોમાં બતાવી શકી નથી.''

'હિન્દુ પૅટ્રિયટ' નામના છાપાએ પ્રકાશિત કર્યું, ''પંડિતો જોકે તેમના શાસ્ત્રજ્ઞાનનું બહુ અભિમાન કરતા હતા, પરંતુ તેમની ભયંકર હાર થઈ છે.''

સ્વામીજીનો ઉપદેશ સાંભળવા ન જવા માટે કાઢેલી જાહેરાતો પણ નિષ્ફળ નીવડી. હવાની લહેર ભમરાઓને ફૂલ પાસે જતાં રોકી શકે નહીં. લોકો વધુ ઉત્સાહ અને ઉત્સુકતા સાથે સ્વામીજીનો ઉપદેશ સાંભળવા જવા લાગ્યા. સ્વામીજીની ધાક ચારે તરફ જામી ગઈ. દેશદેશાંતરમાં કાશી શાસ્ત્રાર્થના સમાચાર હવાની માફક ફેલાઈ ગયા, અને સાથે સાથે દયાનંદજીના પાંડિત્યની કીર્તિની સુવાસ પણ લેતા ગયા.

આમ રૂઢિના ગઢ સાથે દયાનંદની ટક્કરનો જે ભયંકર અવાજ થયો, તેનાથી ચારે દિશાઓ ગુંજી ઊઠી, કાશીમાં વેદ ટંકાર કરી દયાનંદજી કલકત્તા ગયા. કલકત્તામાં એ સમયે મહર્ષિ દેવેન્દ્રનાથ અને કેશવચંદ્ર સેનનો પ્રભાવ હતો. આ બનેય અગ્રેસરો સ્વામીજીના નિવાસસ્થાને આવવા લાગ્યા. અત્યાર સુધીમાં દયાનંદજી સંસ્કૃત ભાષામાં ભાષણ આપતા હતા, પણ તેનું ભાષાંતર કરનારાઓ બહુ ભૂલો કરતા હતા. વળી આમજનતા સુધી પહોંચવા માટે હિંદી ભાષા વધુ ઉપયુક્ત લાગી એટલે હવે પછી હિંદી ભાષામાં ભાષણ આપવાનું ઠરાવ્યું.

કેશવચંદ્ર સેન અને સ્વામીજીની વચ્ચે દેશના અનેક પ્રશ્નો બાબત વિસ્તારપૂર્વક ચર્ચા થઈ. બંને અદ્દભુત વક્તા હતા અને બંનેયમાં જનતા ઉપર ચમત્કારિક અસર કરવાની શક્તિ હતી. તેમનામાં જેમ સમાનતાઓ હતી, તેવી જ રીતે અસમાનતાઓ પણ હતી. એક મોટી અસમાનતા નીચેના વાર્તાલાપ ઉપરથી સ્પષ્ટ થઈ જશે.

એક દિવસે સેન મહાશયે સ્વામીજીને પૂછ્યું કે, ''જુદા જુદા ધર્મોને માનનારા લોકો પોતપોતાના માન્ય ગ્રંથને ઈશ્વરીય અને અંતિમ પ્રમાણભૂત માને છે અને કહે છે. આપ વેદને ઈશ્વરીય જ્ઞાન કહો છો. આપણે કેમ જાણવું કે કોનું કહેવું સાચું છે ?'' સ્વામીજીએ ઉત્તરમાં કુરાન અને બાઈબલમાંથી અનેક દોષ બતાવ્યા અને વેદોની નિર્દોષતા બતાવતાં કહ્યું: ''નિર્દોષ હોવાથી વૈદિક ધર્મ જ સાચો છે.'' આ વાત સાંભળી સેન મહાશય બોલ્યા: ''દુ:ખ છે કે વેદોનો અદ્વિતીય વિદ્વાન અંગ્રેજી નથી જાણતો અથવા ઇંગ્લેંડ જતી વખતે તે મારો ઇચ્છાનુકૂળ

સાથી બની શકત.''

સ્વામીજીએ ઉત્તર આપ્યો: ''શોક છે કે બ્રાહ્મોસમાજનો નેતા સંસ્કૃત નથી જાણતો અને લોકોને તે ભાષામાં ઉપદેશ આપે છે જેને લોકો નથી જાણતા.''

બંનેય નેતાઓમાં આ જ અંતર હતું. એકની દૃષ્ટિ પૂર્વાભિમુખ હતી, બીજાની પશ્ચિમાભિમુખ.

એ સ્વીકાર કરવું જોઈએ કે સ્વામીએ હિન્દી ભાષામાં વ્યાખ્યાન આપવાનું અને એકલા કૌપીન પહેરવાનું છોડીને અન્ય વસ્ત્રો ધારણ કરવાનું શ્રી સેન મહાશયની પ્રેરણા અને આગ્રહથી જ શરૂ કર્યું હતું.

સ્વામીજી ચાર માસ સુધી કલકત્તા રહ્યા. ત્યાર બાદ મુંબઈ માટે પ્રસ્થાન કર્યું. માર્ગમાં તેઓ હુગલી, કાનપુર, ફરુખાબાદ, અલીગઢ, વૃંદાવન, મથુરા, અલ્લાહાબાદ, નાશિક અને જબલપુર ગયા. ૧૮૭૪ના નવેમ્બરમાં એ મુંબઈ પહોંચ્યા. મુંબઈ તે વખતે ભારતનું વ્યાપારનું મુખ્ય મથક હતું. ત્યાં વેપારી વર્ગમાં થોડા પારસીઓ હતા અને બીજા વૈષ્ણવ સંપ્રદાયને અનુસરનારા હિંદુઓ હતા. પ્રાર્થનાસમાજની પ્રવૃત્તિ પણ ત્યાં ચાલતી હતી. દયાનંદજીએ અહીં 'વેદ ધર્મ'નો સંદેશ સંભળાવવાનું શરૂ કર્યું. તેમની સામે પ્રબળ વિરોધ જાગ્યો, એમના ઉપર વિષપ્રયોગ પણ થયો. પણ તેઓ ઝેરને પણ પચાવી ગયા.

બે માસ મુંબઈ રહીને દયાનંદજી ગુજરાતમાં ગયા. તેઓ અમદાવાદ ગયા અને રાજકોટ ગયા. ત્યાંથી તેઓ વડોદરા, સુરત વગેરે સ્થળોએ પણ ગયા.

આમ સ્વામીજીએ વિવાદો, પ્રવચનો અને શાસ્ત્રાર્થો કરીને ખળભળાટ તો મચાવ્યો હતો; પણ અજ્ઞાન તથા અંધશ્રદ્ધાના પાયા ઘણા જ મજબૂત હતા. તેને નિર્મૂળ કરવાનું કામ ઘણું જ વિકટ હતું. આ માટે કોઈ પ્રબળ માધ્યમ કે માર્ગ જરૂરી હતો. દયાનંદજીએ તેમના પ્રવાસમાં સુધારક પ્રવૃત્તિનું નિરીક્ષણ કર્યું હતું. બ્રાહ્મોસમાજ અને પ્રાર્થનાસમાજની કાર્યપદ્ધતિ તેમણે જોઈ હતી. એ બધા અનુભવો ઉપરથી તેમને લાગ્યું કે, પોતાનું જીવનકર્તવ્ય સફળ રીતે પાર પાડવા માટે એક સંસ્થા જોઈએ. એવી સંસ્થા સ્થાપવાનો તેમણે નિશ્ચય કર્યો.

તદનુસાર ચૈત્ર સુદિ ૫, સંવત ૧૯૩૨, ૧૦ એપ્રિલ, ૧૮૭૫ ઈ.સ.ના રોજ ગિરગાંવમાં ડૉ. માણિકચંદ્રજીની વાટિકામાં નિયમપૂર્વક આર્યસમાજની સ્થાપના થઈ. આરંભમાં ૨૮ નિયમો ઘડ્યા હતા. ત્યાર બાદ બે વર્ષે નિયમોમાં સુધારાવધારા થયા અને નિમ્ન દસ નિયમો મુકરર કરવામાં આવ્યા:

### આર્યસમાજના નિયમો

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.
૨. ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.
૩. વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદ ભણવા-ભણાવવા અને સાંભળવા-સંભળાવવા એ સર્વ આર્યોનો

પરમ ધર્મ છે.

૪. સત્યને ગ્રહણ કરવામાં અને અસત્યનો ત્યાગ કરવામાં સર્વદા તત્પર રહેવું જોઈએ.

૫. સર્વ કામ ધર્માનુસાર, અર્થાત્ સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવાં જોઈએ.

૬. સંસારનો ઉપકાર કરવો અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી એ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે.

૭. સર્વની સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઈએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

૯. દરેકે પોતાની જ ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઈએ, કિંતુ સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

૧૦. સઘળા મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમો પાળવામાં પરતંત્ર રહેવું જોઈએ અને પ્રત્યેક હિતકારી નિયમ પાળવામાં સર્વ સ્વતંત્ર રહે.

## આર્યસમાજની સર્વાંગી ક્રાંતિ

આમ ૧૦ એપ્રિલ, ૧૮૭૫માં મહર્ષિ દયાનંદના કરકમલો દ્વારા મુંબઈ મહાનગરીમાં પ્રથમ આર્યસમાજની સ્થાપના થઈ હતી, તેને આજે ૧૦૮ વર્ષ પૂરાં થયાં છે. જોકે ધાર્મિક અને સામાજિક આંદોલનોના ઈતિહાસમાં એકસો આઠ વરસ કંઈ વધારે ન કહેવાય. પરંતુ આટલાં વર્ષોમાં આર્યસમાજે જે સફળતા અને ઉપલબ્ધિઓ મેળવી છે તે ખરેખર અભૂતપૂર્વ અને આશ્ચર્યજનક

છે. સ્થાપનાકાળથી લઈને આજ સુધીના ધાર્મિક, સામાજિક તથા રાજનૈતિક ક્ષેત્રમાં આર્યસમાજે જે કાર્ય કર્યું છે તે કોઈથી છુપાયેલું નથી – જગજાહેર છે. મુખ્યરૂપે શિક્ષણ, અસ્પૃશ્યતા-ઉન્મૂલન, જાતિવાદ-નિવારણ, નારી-જાગરણ, હિંદી પ્રચાર અને ધર્મના તર્કસંગત તથા બુદ્ધિગમ્ય સ્વરૂપના પ્રચાર-પ્રસાર માટે તેમણે કરેલાં કાર્યની સૌએ મુક્તકંઠે પ્રશંસા કરી છે.

આર્યસમાજનો પરિચય આપતાં, 'એનસાઈક્લોપીડિયા ઑફ રિલિજન્સ'ના પૃષ્ઠ ૧૭૯ પર લખેલ છે:

''સ્વામી દયાનંદે ૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના કરી, જે એક આસ્તિક સમાજ છે. દયાનંદ વેદોને નિર્ભ્રાન્ત ઈશ્વરીય જ્ઞાન માને છે, આર્યસમાજનું વૈજ્ઞાનિક મન્તવ્ય છે કે, ઈશ્વર સર્વ વિદ્યાનું આદિમૂળ છે, તે સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિરાકાર, સર્વજ્ઞ, સર્વવ્યાપક અને નિત્ય છે. એકમાત્ર તેની જ ઉપાસના કરવી જોઈએ. વેદ સર્વ સત્ય વિદ્યાઓનો ગ્રંથ છે.

આર્યજનો વિધવાવિવાહના પક્ષમાં છે. બાલવિવાહ, જાત-પાંત અને માંસભક્ષણના વિરોધી છે. હવન-યજ્ઞ વગેરે સંસ્કારોને કરે છે. ગુરુડમને માનતા નથી.

આર્યસમાજ 'વેદો તરફ વળો' આંદોલનનું પ્રતિનિધિત્વ કરે છે, જેના સંસ્થાપકે વેદોમાંથી એવી વાતો શોધી કાઢી છે જેને આધુનિક જગત માને છે. તેમણે વેદોના આધારે એકેશ્વરવાદને સિદ્ધ કરી આપ્યો, અને વિવિધ દેવતાઓને સાચા પરમેશ્વરનાં વિશેષણ બતાવી બહુ દેવતાવાદની માન્યતાની પોકળતા સાબિત કરી બતાવી છે.

આર્યસમાજ કર્મફળ અને મુક્તિમાં વિશ્વાસ કરે છે. આવાગમનના ચક્રમાંથી છૂટી જવાનું નામ મુક્તિ છે.

વસ્તુત: દયાનંદ ઉચ્ચ કોટિના રાષ્ટ્રવાદી હતા, તેમનું આર્યસમાજ આંદોલન ભારતમાં આધુનિક રાષ્ટ્રીયતાનું કારણ અને કાર્ય સાબિત થયું છે.

આર્યસમાજ પ્રત્યે લોકોના આકર્ષણનાં નિમ્ન મુખ્ય કારણો છે:

૧. વેદોની પુન: પ્રતિષ્ઠા

૨. એક પરમાત્માની પૂજા

૩. વેદોની અપૌરુષેયતા

૪. જન્મગત જાત-પાંતનું ખંડન

૫. દલિતોદ્ધાર

૬. સમાજસેવા

૭. પોતાના પ્રયત્નથી દરેક મનુષ્યને વધુમાં વધુ ઉન્નત કરવાની ભાવના

૮. ભારત ભારતીઓનો છે તેવી સૌ પ્રથમ ઘોષણા

૯. દેશભક્તિની ભાવના

આ છે આર્યસમાજના આદર્શોની અને કૃતિત્વની આછી રૂપરેખા.

**વૈચારિક ક્રાંતિ :** સંસારની સમસ્ત ક્રાંતિઓનો મુખ્ય આધાર વિચારોની ક્રાંતિ પર રહ્યો છે. લગભગ બધા જ ઈતિહાસકારો મહર્ષિ દયાનંદને ઓગણીસમી સદીના મહાન ક્રાંતિકારી વિચારક માને છે. તેમની પ્રેરણાથી જ આર્યસમાજે ગત સો વર્ષોમાં ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, રાષ્ટ્રીય અને રાજનૈતિક-

લગભગ બધાં જ ક્ષેત્રોમાં નવઆકાંક્ષા, નૂતન દીક્ષા અને નવીન આશા જન્માવી છે.

**ધાર્મિક ક્રાંતિ :** આજના વૈજ્ઞાનિક યુગમાં ઈશ્વર અને ધર્મ પ્રત્યે અવિશ્વાસનું કારણ એમના નામે ચાલતો અંધવિશ્વાસ અને પ્રચલિત નિરર્થક રીતરિવાજો છે. આર્યસમાજના રૂપમાં ઋષિ દયાનંદે આપણને એક એવું જીવનદર્શન આપ્યું છે, જે આપણી આધ્યાત્મિક જિજ્ઞાસા, મનોવૈજ્ઞાનિક આકાંક્ષા તથા જીવનની વ્યાવહારિક જરૂરિયાતોને સંતોષ છે. તેમના દ્વારા પ્રતિપાદિત આ જીવનદર્શન અથવા ધર્મ સીધોસાદો, સરળ, બુદ્ધિગમ્ય અને સૌને માટે સમાનરૂપે સાધ્ય તથા તર્કહીન વિશ્વાસ અને કર્મકાંડથી રહિત છે.

**સામાજિક ક્રાંતિ :** આજનો સુધરેલો હિંદુ સમાજ એ આર્યસમાજનું જ પરિણામ છે. જન્મગત, જાતપાંત, છૂતછાત, બાલવિવાહ, પરદાપ્રથા, દહેજ વગેરેનો વિરોધ આર્યસમાજે જ કર્યો છે. ખાનપાન અને ચોકા-ચૂલાનાં વ્યર્થ બંધનોની સામે સૈદ્ધાંતિક પ્રચાર અને વ્યાવહારિક આંદોલન આર્યસમાજનું જ કાર્ય છે. આંતરજ્ઞાતિ વિવાહ, વિધવાવિવાહ, સ્ત્રી-શિક્ષણ, વિદેશયાત્રા વગેરે પરના પ્રતિબંધોના મૂળને ખોદી નાખવાનું કામ આર્યસમાજે જ કર્યું છે.

આર્યસમાજનું એક મહત્ત્વપૂર્ણ કાર્ય એ પણ છે કે તેણે હિંદુ ધર્મ અને હિંદુ સમાજને ઘોર નિદ્રામાંથી જગાડી તેને સુસંગઠિત બનાવ્યો છે. અને હિંદુ સમાજનાં દ્વાર અહિંદુ માટે ખુલ્લાં મૂકી તેને વ્યાપક અને ઉદાર બનાવવાનો પ્રયત્ન કર્યો છે. પોતાના સ્વધર્મી ભાઈઓને અછૂત ગણનારો અને ઈસાઈ, મુસ્લિમ વગેરે

પરધર્મીઓને મ્લેચ્છ ગણી તેમના અડકેલા પાણીને પીતાં ગભરાતો હિન્દુ, પોતાના ધર્મ, સંસ્કૃતિ અને સ્વાધીનતાનું રક્ષણ કરવામાં ખરેખર અસમર્થ હતો.

લોકો હિંદુને ગાય જેવો ગરીબ અને સૌનું શરણ માગતો (docile and submissive Hindu) હિંદુ કહી તેની મશ્કરી કરતા હતા.

આર્યસમાજના ક્રાંતિકારી આંદોલનને કારણે હિંદુ સાહસી અને આક્રમક (militant and aggressive Hindu) હિંદુ ગણાવા લાગ્યો. પ્રસિદ્ધ લેખક સર જોન સિલીએ તેમના 'ધી પીપલ્સ ઑફ ઈન્ડિયા' નામના પુસ્તકમાં સ્વીકાર કર્યો કે – જે હિંદુ ધર્મ પોતાનાં દાર્શનિક સમાધાન અને રૂપવિહીન અનિશ્ચિતતાની ઠંડી રાખને કારણે રાષ્ટ્રીય આગ ઉત્પન્ન કરવામાં અસમર્થ હતો તેને દયાનંદે એક નિશ્ચિત સ્વરૂપ આપીને તેનામાં સાહસ અને પૌરુષ ભરવાનો પ્રયત્ન કર્યો છે.

**સ્વરાજ્ય અને સ્વદેશી :** ભારતમાં રાજનૈતિક ચેતના અને રાષ્ટ્રીય ભાવના પેદા કરવામાં અંગ્રેજી શિક્ષણનો તેમ જ સામાજિક અને ધાર્મિક આંદોલનોનો મોટો ફાળો છે. જોકે રાજા રામમોહન રાય અને બ્રહ્મસમાજની સરખામણીમાં આર્ય-સમાજનું સુધાર આંદોલન તદ્દન ભારતીય અને રાષ્ટ્રીય હતું. ૧૮૮૫માં કૉંગ્રેસનો જન્મ થયો, જ્યારે એથી દસ વર્ષ પૂર્વે ૧૮૭૫માં 'સ્વરાજ્ય'ની સર્વ પ્રથમ ઘોષણા કરનાર સ્વામી દયાનંદ હતા. પોતાના 'સત્યાર્થ પ્રકાશ'માં તેમણે નિર્ભયતાપૂર્વક ત્યાં સુધી લખ્યું છે કે માતાપિતાની સમાન હોવા છતાંયે વિદેશી રાજ્ય સ્વદેશી રાજ્યની સરખામણી ન કરી શકે (good govern-

ment is no substitute for self-government) 'સુરાજ્ય' એ 'સ્વરાજ્યનો'નો વિકલ્પ નથી એ આધુનિક સિદ્ધાંતની ઘોષણા સ્વામીજીએ આટલાં વર્ષ પહેલાં કરી દીધી હતી.

આ જ રીતે બંગભંગથી ઘણું પહેલાં સ્વામીજીએ સ્વદેશી વસ્તુઓનો સ્વયં વ્યવહાર કરીને બીજા માટે પણ તેનો આગ્રહ કરી સ્વદેશી આંદોલનને જન્મ આપ્યો હતો. સ્વાધીનતા આંદોલન અને મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહ આંદોલનમાં લાલા લજપતરાય અને સ્વામી શ્રદ્ધાનંદ જેવા આર્યનેતાઓ અને હજારો આર્યસમાજીઓ જેલમાં ગયેલા ક્રાંતિકારીઓમાં ભાઈ પરમાનંદ, શહીદ ભગતસિંહ, રામપ્રસાદ બિસ્મિલ જેવા ફાંસીની સજા ભોગવનાર અનેક શહીદો આર્યસમાજ સાથે જ સંકળાયેલા હતા. Every manના વિશ્વકોષના પૃષ્ઠ ૪૫૧ પર તો આર્યસમાજને સ્પષ્ટરૂપે એક એવા રાજદ્રોહીઓનું સંગઠન કહ્યું છે જેનો ઉદ્દેશ દેશની આઝાદી હતો.

**શૈક્ષણિક ક્રાંતિ :** શિક્ષણના ક્ષેત્રમાં આર્યસમાજનો ફાળો જગપ્રસિદ્ધ છે. સરકારને બાદ કરતાં સૌથી વધુ શિક્ષણસંસ્થાઓ આર્યસમાજ પાસે છે. દેશમાં અને વિદેશોમાં પણ આર્યસમાજે સેંકડો સંસ્કૃતિ-મૂલક સ્કૂલો અને કૉલેજો સ્થાપી છે. આર્યસમાજનું ગુરુકુલ આંદોલન અને ગુરુકુલીય શિક્ષણ મેકોલે પ્રણાલીની સામે એક ચેલેન્જરૂપ હતું, જેણે દેશમાં રાષ્ટ્રીય ભાવનાનો પ્રબળ પ્રવાહ પેદા કર્યો. આજે ઈતિહાસ, સાહિત્ય, હિંદી સેવા અને પત્રકારત્વના ક્ષેત્રમાં ગુરુકુલના વિદ્યાલંકાર-વેદાલંકારોનો અપૂર્વ ફાળો છે.

**અછૂતોદ્ધાર :** છૂતછાત હિંદુ સમાજનું કલંક છે. આર્યસમાજે

તેને નેસ્તનાબૂદ કરવા માટે સૌથી વધારે સંઘર્ષ કર્યા છે અને બલિદાનો આપ્યાં છે. આર્યસમાજની શિક્ષણસંસ્થાઓમાં અછૂતોને સવર્ણો કરતાં વધુ પ્રોત્સાહન અને સગવડતાઓ આપવામાં આવી છે અને આજે પણ અપાય છે. એટલું જ નહીં તેમને સંસ્કૃત અને વેદ ભણવાની અને ભણાવવાની તક આપવામાં આવી છે. પરિણામસ્વરૂપ ગત એક સદીમાં અનેક હરિજન કુલોત્પન્ન પંડિતો, પુરોહિતો, સમાજસેવકો અને રાજનેતાઓ આર્યસમાજે દેશ સમક્ષ મૂક્યા છે.

આર્યસમાજે દેશમાં જ નહીં પણ વિદેશોમાં – આફ્રિકા, મોરેશિયસ, ફીજી, ગુયાના, ટ્રિનિદાદ, સુરિનામ, બર્મા વગેરે સ્થાનોએ ૨૦૦થી વધુ આર્યસમાજો અને અનેક સ્કૂલ-કૉલેજોની સ્થાપના કરી છે. આજે લાખો ભારતીય પ્રવાસીઓમાં ભારતનિષ્ઠા, હિંદુત્વ, પ્રેમ, હિંદી પ્રેમ અને સંસ્કૃતિનિષ્ઠાનાં જે દર્શન થાય છે તેનો યશ આર્યસમાજને ફાળે જાય છે.

**રાષ્ટ્રભાષા હિંદી :** સ્વયં ગુજરાતી હોવા છતાંયે હિંદીને રાષ્ટ્રભાષા ઘોષિત કરીને સૌ પ્રથમ સ્વામી દયાનંદે દૂરદર્શિતા બતાવેલી અને પોતાનો પ્રસ્તુત ગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ' હિંદીમાં જ લેખલો. આર્યસમાજનું બધું જ કામ લગભગ હિંદીમાં થાય છે. આર્યસમાજી શિક્ષણસંસ્થાઓમાં હિંદી અનિવાર્ય વિષય છે. હિંદી સાહિત્ય અને ભાષાના વિકાસમાં પણ આર્યસમાજી વિદ્વાનોનો મોટો ફાળો છે.

**વેદ અને સંસ્કૃત :** સંસ્કૃતના પ્રચાર-પ્રસાર માટે અને વેદને ઘેર ઘેર પહોંચાડવા માટે આર્યસમાજે ભારે કામ કર્યું છે. જે હિંદુ બાળક અને શિક્ષિત હિંદુ વેદનું નામ નહોતો જાણતો અને

અંગ્રેજી ભણેલો ભારતીય વિદ્વાન વેદોને ભરવાડોનાં ગીતો ગણતો હતો તેની સમક્ષ વેદોનું સરળ, સુબોધ અને બુદ્ધિગમ્ય ભાષ્ય મૂકવાનું કામ આર્યસમાજે કર્યું છે. આજે વેદના નામે એક હિંદુ અને ભારતીય ગૌરવ લેતો થયો છે તેનો યશ આર્યસમાજને છે. આર્યસમાજી શિક્ષણસંસ્થાઓમાં સંસ્કૃત ભાષા પણ એક આવશ્યક અનિવાર્ય વિષય તરીકે ગણાય છે. આર્યસમાજનાં સો વર્ષના અથાક પ્રયાસનું પરિણામ આજની આકાશવાણી પરનું સંસ્કૃત સમાચાર-પ્રસારણ કેમ ન કહી શકાય?

**નારીસમાનતા :** સ્વામી દયાનંદ ફક્ત સ્ત્રીઓની સમાનતાના જ સમર્થક અને પોષક નહોતા, પરંતુ માતૃશક્તિ કહીને તેમને ઘણાં ક્ષેત્રોમાં પુરુષો કરતાં પણ શ્રેષ્ઠ ગણતા હતા. સ્ત્રીને શિક્ષણ ન આપવાની ચીલાચાલુ જૂની માન્યતાની સામે આર્યસમાજે પોતાના સ્થાપના કાળથી જ આંદોલન અને સંઘર્ષ આરંભેલો. કન્યા કેળવણી માટે દેશમાં અનેક કન્યાશાળાઓ અને કન્યા ગુરુકુલો સૌ પ્રથમ આર્યસમાજે શરૂ કર્યાં, જ્યાં સ્ત્રીઓને સામાન્ય શિક્ષણ સિવાય વેદોનું શિક્ષણ આપવાની ક્રાંતિકારી વ્યવસ્થા કરી હતી. સ્ત્રીઓને યજ્ઞોપવીત આપવાનો અધિકાર ફક્ત આર્યસમાજ જ આપે છે. બહુપત્નીત્વ વિવાહ અને બાળલગ્ન વિરુદ્ધ આંદોલન અને આંતરજાતીય તથા વિધવાવિવાહનું સમર્થન સૌ પ્રથમ આર્યસમાજે જ કર્યું છે.

ઈ.સ. ૧૯૪૫માં મહેશપ્રસાદ આલિમફાજિલે પોતાની પુત્રી કુ. કલ્યાણીને 'બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય'ના ધર્મવિજ્ઞાન મહાવિદ્યાલયમાં દાખલ કરાવવા ખૂબ પ્રયત્ન કર્યો, પરંતુ 'સ્ત્રીઓને વેદ ભણવાનો અધિકાર નથી' તેવી પરંપરાગત હિંદુ

માન્યતાને કારણે ઉપરોક્ત કન્યાને વિશ્વવિદ્યાલયે પ્રવેશ ન આપ્યો.

આર્યસમાજે આ માટે પ્રબળ આંદોલન કર્યું અને વિશ્વવિદ્યાલયના અધિકારીઓને શાસ્ત્રીય પ્રમાણો દ્વારા માનવીયસમાનતા અને સ્ત્રીપુરુષ સમાનાધિકાર સાબિત કરી આપ્યો. છેવટે આર્યસમાજના નારીસમાનતાના મહાન આદર્શનો વિજય થયો અને કુ. કલ્યાણીને ૧૯૪૬માં વિશ્વવિદ્યાલયે 'વેદ'નો વિષય ભણવા માટે પ્રવેશ આપ્યો. આ રીતે કન્યાઓને વેદ ભણવા માટે હિંદુ વિશ્વવિદ્યાલયનાં દ્વાર સદા માટે ખુલ્લાં થઈ ગયાં.

**નમસ્તે :** આર્યસમાજે દેશની ભાવાત્મક એકતા માટે 'નમસ્તે'નું સૂત્ર આપ્યું. આરંભ કાળમાં આર્યસમાજીઓની ઓળખ 'નમસ્તે'થી થતી. જોકે શરૂઆતમાં તો સામાન્ય લોકો અને હિંદુઓ પણ 'નમસ્તે' શબ્દથી ચિડાતા હતા. આજે 'નમસ્તે' એ સર્વસંમત ભારતીય-રાષ્ટ્રીય સંબોધન બની ચૂક્યું છે.

**આર્યસમાજનું વિશ્વવ્યાપી લક્ષ્ય :** જોકે આર્યસમાજનું કાર્યક્ષેત્ર મુખ્યરૂપે ભારત અને હિંદુ સમાજ રહ્યું છે. પરંતુ તેણે 'કૃણ્વન્તો વિશ્વમાર્યમ્' ('સંસારને શ્રેષ્ઠ બનાવો'નું) મહાન લક્ષ્ય પોતાની સમક્ષ રાખ્યું છે. સમાજના છઠ્ઠા નિયમમાં સ્વામીજીએ સ્પષ્ટ ઘોષણા કરી છે કે..."**સંસારનો ઉપકાર કરવો** એ આર્યસમાજનો મુખ્ય ઉદ્દેશ છે." તેના નવમા નિયમમાં "**સૌની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી**" અને ચોથા નિયમમાં "'સત્યને ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સદા તૈયાર રહેવું જોઈએ'' એમ કહીને મહર્ષિ દયાનંદ

આર્યસમાજનો પાયો માનવમાત્રના કલ્યાણઅર્થે નાખ્યો હતો અને આર્યસમાજનો લક્ષ્ય વિશ્વવ્યાપી બનાવ્યો હતો. આજે દરેક આર્ય સભાસદે ઋષિ-પ્રદર્શિત ઉપરોક્ત માનવવાદી આદર્શોને સમજી, જીવનમાં ઉતારી, દેશના અને સંસારના સર્વાંગી ઉત્કર્ષ માટે કટિબદ્ધ થવું જોઈએ અને સ્વયં એક સાચા આર્ય બનવાનો સંકલ્પ કરવો જોઈએ, જેથી તે પોતાના જીવન અને વ્યવહારથી બીજાને આર્ય (શ્રેષ્ઠ) બનાવી શકે.

આ છે મહર્ષિ દયાનંદનું વ્યક્તિત્વ અને કૃતિત્વ. સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણનના શબ્દોમાં કહીએ તો "સ્વામી દયાનંદ એક મહાન સુધારક અને પ્રકાંડ ક્રાંતિકારી હતા. તે સાથે તેમના હૃદયમાં સામાજિક અન્યાયોને ઉખાડી ફેંકવાનો પ્રચંડ અગ્નિ પણ હતો. એમના આદેશ આપણા માટે ઘણા મહત્ત્વના છે કેમ કે આજે પણ આપણા સમાજમાં અનેક મતભેદો વિદ્યમાન છે. આપણી ફાટફૂટના કારણે જ ભૂતકાળમાં ગુલામીની જંજીરમાં જકડાયા હતા. આપણા અરસપરસના ભેદભાવ અને અસહિષ્ણુતા જ આપણા પતનનું કારણ બન્યાં હતાં. આપણે ભૂતકાળની ભૂલોમાંથી શીખવું જોઈએ. તો જ આપણું ભવિષ્ય ઉજ્જવળ અને ગૌરવશીલ બનશે. તેમણે અધ્યાત્મિક અવ્યવસ્થા, સામાજિક કુરિવાજો અને રાજકીય, ધાર્મિક, અને સાંસ્કૃતિક ઉદ્ધારનું બીડું ઝડપ્યું હતું. સત્ય, સામાજિક એકતા અને ઈશ્વરની ઉપાસનાનો સંદેશ તેમણે આપ્યો. તેમણે શિક્ષણ અને ઈશ્વરપૂજાનું સ્વાતંત્ર્ય બધાંને માટે સુગમ બનાવ્યું. ભારતના બંધારણમાં સામાજિક ક્ષેત્રમાં અનેક વ્યવસ્થા મહર્ષિ દયાનંદના ઉપદેશોમાંથી પ્રેરણા લઈને કરવામાં આવી છે.

સ્વામી દયાનંદે 'સ્વરાજ્ય'નો સૌ પહેલો સંદેશ આપ્યો હતો. તેમણે એ પણ કહ્યું હતું કે સત્યની કસોટી પર ચડાવીને જ કોઈ પણ વાતનો સ્વીકાર કરવો. સ્વામી દયાનંદ નવભારતના નિર્માતાઓમાં સર્વોત્તમ હતા.''

હવે દયાનંદ એકલા ન હતા. હવે તેમની આસપાસ અનુયાયીઓનું વ્યાપક મંડળ હતું. હવે તેમની પાસે સુદૃઢ સંગઠન હતું. મુંબઈમાં આર્યસમાજ સ્થપાયા બાદ દયાનંદજી એક દાયકા સુધી રહ્યા. આ સમયમાં તેમણે આર્યસમાજના સંગઠનને સ્થળે સ્થળે પહોંચાડ્યું. મુંબઈમાં આર્યસમાજની સ્થાપના થયા પછી સ્વામીજી પૂના ગયા. ત્યાં તેમણે પંદર વ્યાખ્યાનો આપ્યાં. પૂનામાં મહાદેવ ગોવિંદ રાનડે જેવા અગ્રણીઓ દયાનંદજીના અનુયાયી બન્યા. પૂનામાં તેમનું ભારે સન્માન થયું. હાથીની અંબાડી ઉપર તેમને બેસાડીને નગરયાત્રા કરાવવામાં આવી.

પૂનાથી નીકળી ભ્રમણ કરતા કરતા સ્વામીજી દિલ્હી પહોંચ્યા. સંવત ૧૯૩૪નો સમય હતો. મહારાણી વિક્ટોરિયાના રાજ્યાભિષેકના સમયે જ દિલ્હીમાં તેમણે વિવિધ ધર્મસંપ્રદાયોમાં એકતા પેદા કરવાના શુભાશયથી એક ધર્મનેતાનું સંમેલન ગોઠવ્યું. આ સંમેલનમાં સર સૈયદ અહમદ, કેશવચંદ્ર સેન, કનૈયાલાલ અલખધારી, બાબુ હરિશ્ચંદ્ર, ચિંતામણિ, બાબુ નવીનચંદ્ર રાય વગેરે નેતાઓએ હાજરી આપી. જોકે પોતપોતાના મત પ્રત્યેના મમત્વ અને દુરાગ્રહને કારણે કોઈ સંમત ન થઈ શક્યું. પરિણામે સ્વામીજીના આ સદ્પ્રયાસનું કશું પરિણામ આવ્યું નહીં.

હવે દયાનંદની દૃષ્ટિ રાજસ્થાન ઉપર હતી. તેઓ ચિતોડ ગયા. એમણે ત્યાં ધર્મોપદેશ આરંભ્યો. રાજામહારાજાઓ ત્યાં તેમનાં વ્યાખ્યાન સાંભળવા આવતા. એક વાર ઉદેપુરના મહારણા એમનું પ્રવચન સાંભળવા આવ્યા હતા. તેમણે સ્વામીજીને ઉદેપુર પધારવા વિનંતી કરી. દયાનંદ ઉદેપુર ગયા. ત્યાં તેમની અસર વ્યાપક બનવા લાગી. ઉદેપુરમાં દયાનંદજીએ 'પરોપકારિણી સભા' નામની સંસ્થાની સ્થાપના કરી. પોતાની પાસે જે કંઈ દ્રવ્ય કે ધન હતું, સાધનસામગ્રી, પુસ્તકો અને મુદ્રણાલય – તે સર્વ સંસ્થાને સોંપી દીધું. તે સંસ્થા આજે પણ કાર્યરત છે.

ઉદેપુર છોડીને જોધપુરના મહારાજા જશવંતસિંહજીના આમંત્રણનો સ્વીકાર કરીને સ્વામીજી ઈ.સ. ૧૮૮૩ના મે મહિનામાં જોધપુર ગયા. ત્યાં ચાતુર્માસ ગાળવાનો તેમણે નિર્ધાર કર્યો હતો. જોધપુરમાં દયાનંદજીનો ખૂબ પ્રભાવ પડવા લાગ્યો અને મહારાજા ધીમે ધીમે તેમના પ્રભાવ નીચે આવી રહ્યા હતા. પરિણામે મહારાજા વ્યસનો અને વિલાસ તજવા લાગ્યા હતા. મહારાજાની માનીતી એક વારાંગના હતી. એનું નામ નન્નીજાન હતું. હવે મહારાજા જો વિલાસ છોડી દે તો નન્નીજાનનું સ્થાન ટકે નહીં. એટલે તેણે મહર્ષિજી ઉપર વિષપ્રયોગ કરાવવાનું ઠરાવ્યું.

દયાનંદજી રોજ રાતના દૂધ લેતા. આ નિત્યનિયમ પ્રમાણે ઈ.સ. ૧૮૮૩ની ૨૯મી સપ્ટેમ્બરની રાતના સ્વામીજીએ રસોઈયા જગન્નાથ પાસે ગરમ દૂધ મંગાવીને પીધું. એ દૂધમાં કાળકૂટ ઝેર મેળવેલું હતું. થોડી જ વારમાં સ્વામીજીને પેટમાં

બળતરા થવા લાગી. એમને આશંકા તો થઈ જ ગઈ કે તેમને ઝેર આપવામાં આવ્યું છે. એમને ઊલટીઓ થવા લાગી. બીજે દિવસે પણ ઊલટીઓ ચાલુ રહી.

તેમણે જગન્નાથને બોલાવ્યો. જગન્નાથે બધી વાત કહી દીધી. ત્યારે સ્વામીજીએ કહ્યું: ''જગન્નાથ, તારા આ કૃત્યથી મારું વેદોદ્ધારનું અને દેશહિતનું કાર્ય અધૂરું રહી ગયું છે. તને ખબર નથી, આથી લોકહિતને કેવી હાનિ થઈ છે. ખેર! વિધાતાનું વિધાન જ એવું હશે. તારો એમાં શો દોષ? અરે ભાઈ! લે! મારી પાસે આ થોડા રૂપિયા છે. તું એ લઈને નાસી છૂટ. જોધપુરના મહારાજા જો જાણશે તો તારા રાઈ રાઈ જેવડા ટુકડા કરાવી નાખશે. તું નાસી જા. નેપાળમાં ચાલ્યો જા. મારા તરફથી કશો જ ભય રાખીશ નહીં.''

આબુ, અજમેર વગેરે સ્થળોએ અનેક ઉપચાર કરાવ્યા. ડૉક્ટર અલીમર્દાનખાંની ચિકિત્સાએ 'જેમ જેમ દવા કરી તેમ તેમ રોગ વધતો જ ગયો' જેવી સ્થિતિ સર્જી. સ્વામીજીની રગેરગમાં ઝેર વ્યાપી ગયું હતું, પણ સ્વામીજીની ધૈર્યમૂર્તિને જોઈને અંતેવાસીઓ અને ચિકિત્સકો મંત્રમુગ્ધ હતા. છેવટે મંગળવાર અને અમાવાસ્યાના દિવસે સાંજના સાડા પાંચ વાગ્યે સ્વામીજીએ ઓરડાનાં સર્વ બારણાં ખોલાવી નાખ્યાં. પછી પૂછ્યું: ''આજે શો પક્ષ છે? શી તિથિ છે? શો વાર છે?'' મોહનલાલ પંડ્યાએ કહ્યું: ''પ્રભુ! આજ પછી કારતક સુદનો આરંભ થાય છે. આજે અમાવાસ્યા ને મંગળવાર છે.'' એટલે ખંડમાં ચારે કોર પોતાની પ્રેમદૃષ્ટિ ફેરવીને આ મહર્ષિએ ગંભીર ધ્વનિથી વેદપાઠ આરંભ્યો. તે વખતે પંડિત ગુરુદત્ત ત્યાં જ

હતા. એ અઠંગ નાસ્તિક પંડિત મહર્ષિ દયાનંદજીની આ અંતિમ ઘડીથી આશ્ચર્ય પામ્યા. તેમનાં મન-હૃદય પલટાઈ ગયાં. સ્વામીજીના આધ્યાત્મિક તેજે તેમના હૃદયને પ્રકાશિત કરી દીધું અને તે પૂર્ણ આસ્તિક બની ગયા.

વેદગાન પછી સ્વામીજીએ સંસ્કૃતમાં પરમાત્માની સ્તુતિ પ્રાર્થનોપાસના કરી, અને પછી હિંદીમાં પ્રાર્થના કર્યા બાદ પોતે ગાયત્રીનો જપ કરવા લાગ્યા. જાણે સોનાની મૂર્તિ હોય, તેમ પોતે નિશ્ચલરૂપે સમાધિમાં રહ્યા. છ વાગવાનો વખત થયો ને સ્વામીજી સમાધિમાંથી જાગ્રત થયા. પોતાની બંને આંખો ઉઘાડી તેમણે પ્રાર્થના કરી: ''હે દયામય ! હે સર્વશક્તિમાન ઈશ્વર ! તારી એ જ ઇચ્છા છે. સાચે જ તારી એ ઇચ્છા છે. તારી જ ઇચ્છા પૂરી થાઓ. અહા ! પરમેશ્વર ! તેં સરસ લીલા કરી છે !''

એ ઉચ્ચારણ કરીને મહર્ષિજીએ પોતાના પ્રાણને બ્રહ્માંડદ્વાર ઉપર ચડાવવા માંડ્યો – અને થોડી વાર પછી પ્રણવનાદ સાથે બહાર કાઢી નાખ્યો.

એ દીપાવલીનો મંગલ દિવસ હતો, એટલે સંધ્યાએ ભારતભરમાં ઘેર ઘેર દીપમાળાઓ પ્રકટી હતી અને તે જ સંધ્યાએ મહર્ષિ દયાનંદજીનો જીવનદીપ બ્રહ્મધામમાં લય પામી ગયો હતો.

બીજે દિવસે સ્વામીજીના દેહને પૂરા સમારોહથી ને વેદનાં ગાનોની ધૂન સાથે વૈદિક વિધિથી અગ્નિસ્નાન કરાવવામાં આવ્યું.

ત્યારે દેશભરમાં ઊંડા શોક અને વેદના વ્યાપી ગયાં પણ ઇતિહાસ કહે છે: એ મહર્ષિએ પોતાની કાયાને ભસ્મ કરીને

પોતાની કર્મભૂમિ ભારતને નવજીવન આપ્યું, નવી દષ્ટિ આપી – નવી દિશા આપી. મૃત્યુના અંધકાર વામીને એ રાષ્ટ્રદેવે આપણને સનાતન જીવનના પ્રકાશ આપ્યા છે.

એ ઋષિ આવ્યા હતા આપણા કેદખાનાં તોડવા માટે, આપણી બેડીઓ ઉતારવા માટે અને આપણા બંધિયાર જીવનને મુક્તતા અપાવવા માટે. તે આપણા રાષ્ટ્રને પુનર્જીવન આપવાને આવ્યા હતા. એમણે આપણને સ્વતંત્રતાપૂર્વક વિચાર કરતા કર્યા, આપણને કર્તવ્યપાલનનો મંત્ર ઘૂંટાવ્યો અને દેશભક્તિનાં અમૃતફળ ચખાડ્યાં.

જ્યાં જ્યાં એમણે માનવતાનો અધઃપાત જોયો છે ત્યાં ત્યાં તેમનું હૃદય એના ઉદ્ધારને માટે ફફડી ઊઠ્યું છે. જ્યાં જ્યાં એમણે પોતાના ભારતવર્ષને લાંછિત અને અપમાનિત જોયો છે ત્યાં ત્યાં તેમનું લોહી ઊકળી આવ્યું છે. જ્યાં જ્યાં એમણે ઈશ્વરને વિસ્મૃત અને તિરસ્કૃત થતો જોયો છે ત્યાં ત્યાં એમણે પોતાના સર્વ પ્રાણોને હોડમાં મૂક્યા છે. સ્વાધીનતા અને સ્વરાજ્યની તેમની હાકલ હિંદી રાષ્ટ્રીય મહાસભાનો જન્મ થયો તે પહેલાંની છે. છતાંયે પશ્ચિમના વિચારોનો એમણે ઓળોય લીધો નથી. એમનો રાષ્ટ્રવાદ તો શુદ્ધ વૈદિક તેજથી ઘડાયેલો છે. અરે! પશ્ચિમના વૈચારિક કે સાંસ્કૃતિક હુમલા સામે એ વેદના શાસ્ત્રાસ્ત્રો સર્જીને એક અજેય સેનાપતિની જેમ ઊભા રહ્યા. ભારતવર્ષના સુકાઈ ગયેલા ખોળિયામાં એ મહર્ષિએ પોતાની અદમ્ય શક્તિ સિંચી.

એ મહર્ષિએ અંત્યજોનો ઉદ્ધાર કર્યો. તેમણે વેદના અધ્યયનનો અધિકાર આપ્યો છે. પતિતોને તેમણે હૈયે ચાંપ્યા

છે. સ્રીઓની સાચી માતૃશક્તિ તરીકે એમણે વંદન કર્યાં છે, અને તેમના સર્વાંગી ઉત્કર્ષ માટે પ્રયત્નો કર્યા છે. જાતપાંતનાં બંધનોને કાપી નાખીને એમણે ગુણકર્મની વ્યવસ્થા આપી છે. સમસ્ત વિશ્વને 'આર્ય' કરવાનો એમણે આદેશ આપ્યો અને એમાં માનવકલ્યાણનો જ મહામંત્ર રાખ્યો છે.

મહર્ષિની ભાવનાને, લક્ષ્યની અને હાર્દિક અભિલાષાને સમજવા માટે નીચેનો પ્રસંગ પૂરતો છે. ઉદેપુરમાં મહર્ષિજીને કોઈ ભક્તે પૂછ્યું – ''ભગવન્! ભારતવર્ષનું પૂર્ણ હિત ક્યારે થશે ? અહીં ક્યારે સ્વજાતિની ઉન્નતિ થશે ?'' સ્વામીજીએ કહ્યું: ''એક ધર્મ, એક ભાષા અને એક લક્ષ્ય વિના ભારતનું પૂર્ણ હિત થાય તેમ નથી. તે વિના સ્વજાતિની ઉન્નતિ પણ મુશ્કેલ છે. સર્વ ઉન્નતિઓનું મૂળ ઐક્ય છે.''

આમ મહર્ષિ દયાનંદે ભારતનું નવનિર્માણ કર્યું છે. માનવજાતિના સમર્થ સમુદ્ધારક તરીકે મહર્ષિ દયાનંદનું સ્થાન ભારતમાં જ નહીં અપિતુ વિશ્વના ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેશે. મહર્ષિને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું છે:

સૂર્ય સોને ચલ દિયા લેકિન સિતારોંકો જગાકર,
એક દીપક બૂઝ ગયા લાખોં ચિરાગોંકો જલાકર,
કહ રહે બલિદાન-પ્રેમી આજ દિવાલી મનાકર,
આજ કોઈ મર ગયા લેકિન હમેં મરના સીખાકર.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)